

કિંમત રૂ. ૫

# શ્રી સ્વામિનારાયણ

માસિક

પ્રકાશન દર માસની ૧૧ તારીખે ● સળંગ અંક : [illegible] ● એપ્રિલ ૨૦૧૯

## શ્રી નરનારાયણ દેવ પાટોત્સવ
## શ્રી નરનારાયણ દેવ જયંતી

પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧


















૧. જેતલપુર સ્વામિનારાયણ મંદિર શ્રી રેવતી બળદેવજી હરિકૃષ્ણ મહારાજના પાટોત્સવ પ્રસંગે અભિષેક કરતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી અને દર્શનનો લાભ લેતા હરિભક્તો. ૨. જેતલપુરમાં ગંગાબાના ઘરને દર્શનાર્થે ખુલ્લું મૂકતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી. ૩. ન્યુ રાણીપ મંદિરના ૩૪મા પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીની આરતી ઉતારતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી. ૪. મોટેરા મંદિરમાં પાટોત્સવ પ્રસંગે અન્નકૂટની આરતી ઉતારતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી. ૫. બાલાસિનોર મંદિરના પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીની આરતી ઉતારતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી. ૬. શ્રી સ્વામિનારાયણ મંદિર વાટલોડિયાના પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીની અન્નકૂટ આરતી ઉતારતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી. ૭. કરાંચી (પાક.) આપણા મંદિરમાં શિવરાત્રી મહોત્સવ ઉજવતા શ્રી નરનારાયણદેવના નિષ્ઠાવાન યુવા હરિભક્તો.



# શ્રી સ્વામિનારાયણ


શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર

વર્ષ - ૧૨ ● સળંગ અંક : ૧૪૪

એપ્રિલ-૨૦૧૯

(મૂળ વર્ષ ૪૯)





**સંસ્થાપક**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ**
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૮૯૫૯૭
મો. : ૯૮૭૯૫ ૪૯૫૯૭
પ.પૂ. મોટા મહારાજશ્રીના સંપર્ક માટે
ફોન : ૨૭૪૯૯૫૯૭
www.swaminarayanmuseum.com

**શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ**
**પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮**
**શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી**

તંત્રી શ્રી
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (મહંત સ્વામી)

**પત્રવ્યવહાર**

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
**Mo. : 9099098969**
**magazine@swaminarayan.in**
**www.swaminarayan.in**

એડ્રેસમાં ફેરફાર કરવા
E-mail : manishnvora@yahoo.co.in

**લવાજમ** - વાર્ષિક : રૂા. ૫૦-૦૦ ● છુટક નકલ રૂા. ૫-૦૦


## અ નુ ક્ર મ ણિ કા


| | | |
|---|---|---|
| ૦૧. | અસ્મદીયમ્ | ૦૪ |
| ૦૨. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ | ૦૫ |
| ૦૩. | પ્રાદુર્ભાવની પૂર્વે | ૦૬ |
| ૦૪. | ભક્તિતનયનું શરણું મળ્યું છે | ૦૮ |
| ૦૫. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના મુખેથી સર્વ જીવ હિતાવહ અમૃત વચનો | ૧૧ |
| ૦૬. | મંગળકારી જનમંગલ સ્તોત્ર | ૧૫ |
| ૦૭. | શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી | ૧૬ |
| ૦૮. | સત્સંગ બાલવાટિકા | ૧૮ |
| ૦૯. | ભક્તિ સુધા | ૨૦ |
| ૧૦. | પ્રશ્નપેટી | ૨૫ |
| ૧૧. | સત્સંગ સમાચાર | ૨૬ |

# અસ્મદીયમ્

અને આ સંસારને વિષે કેટલીક સ્ત્રીયું છે તે ધણી મરી ગયો હોય તો તેને વાંસે છાતી કૂટી કૂટીને રોયા જ કરે છે. અને કેટલીક બાઈઓ છે તે પોતાના પરણ્યા ધણીનો ત્યાગ કરીને ભગવાનનું ભજન કરે છે. અને કેટલાક મૂર્ખ પુરુષ હોય છે તે પોતાની સ્ત્રી મરી ગઈ હોય તો તેને વાંસે રોયા કરે છે અને બીજી સ્ત્રીને વાસ્તે હાય વોય કરતા ફરે છે. અને કેટલાક વૈરાગ્યવાન પુરૂષ હોય તે ઘરમાં પરણેલી સ્ત્રી હોય તેનો ત્યાગ કરીને પરમેશ્વરનું ભજન કરે છે. એવી રીતે સૌ સૌના ઈશ્ક જુદી જુદી જાતના છે.

**"અને અમારો તો એજ ઈશ્ક છે ને એજ સિધ્ધાંત છે જે, તપે કરીને ભગવાનને રાજી કરવા ને ભગવાનને સર્વેના કર્તા હર્તા જાણીને અને સ્વામી સેવકને ભાવે કરીને તે ભગવાનની ભક્તિ કરવી અને કોઈ રીતે તે ભગવાનની ઉપાસના ખંડન થવા દેવી નહી.' માટે તમો પણ સર્વે આ અમારા વચનને પરમ સિધ્ધાંત કરી માનજ્યો."** (વ.કા.-૧૦)

આપણે સમજી સમજીને આજ સમજવું છે. ઉપાસના જો કાચી રહેશે તો કોઈ કાળે આપણો મેળ નહીં ખાય. માટે ઉપાસના રૂપી પાયો દૃઢ કરી રાખવો. તેમાં કચાશ નહીં ચાલે.

**તંત્રીશ્રી (મહંત સ્વામી)**
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસના
જયશ્રી સ્વામિનારાયણ



# પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(માર્ચ-૨૦૧૯)



૪ શ્રી સ્વામિનારાયણ મંદિર ભક્તિનગર (મૂળીદેશ) મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.
૭-૮ શ્રી સ્વામિનારાયણ મંદિર માંડવી (કચ્છ) કથા-પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૯ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર શ્રી નરનારાયણદેવનો ૧૯૭ મો પાટોત્સવ મહોત્સવ પોતાના વરદ્ હસ્તે સંપન્ન થયો.
૧૬ શ્રી સ્વામિનારાયણ મંદિર રાણીપ પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૧૭ અડાલજ ગામે પ.ભ. રાકેશભાઈ મહેન્દ્રભાઈ (શિકાગોવાળા)ને ત્યાં પધરામણી.
૧૮ શ્રી સ્વામિનારાયણ મંદિર મકનસર (મૂળી દેશ) ઠાકોરજીની આરતઉતારવા પધાર્યા ત્યાંથી વઘાસીયા નૂતન મંદિરના ભૂમિ પૂજન પ્રસંગે પધરામણી.
૨૦ શ્રી નરનારાયણદેવ જયંતી ફૂલ દોલોત્સવ રંગોત્સવ પોતાના વરદ્ હસ્તે ધામધૂમથી ઉજવાયો.
૨૨ શ્રી સ્વામિનારાયણ મંદિર ટીંબા (મૂળી દેશ) પાટોત્સવ પ્રસંગે અને સમાજની વાડીના ભૂમિપૂજન પ્રસંગે પધરામણી.
૨૩ નિકોલ શ્રી સ્વામિનારાયણ મંદિર પધરામણી ત્યાંથી ચિલોડા ગામે પધરામણી.
૨૮ શ્રી સ્વામિનારાયણ મંદિર મંદિર જેતલપુર પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૨૯ શ્રી સ્વામિનારાયણ મંદિર બાલાસિનોર પાટોત્સવ પ્રસંગે પધરામણી.

## પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(માર્ચ-૨૦૧૯)

૩ શ્રી સ્વામિનારાયણ મંદિર આદરૂજ પધરામણી.
૮ શ્રી સ્વામિનારાયણ મંદિર વડુ (બહેનોનું) ખાત મૂહુર્ત પ્રસંગે પધરામણી.
૯ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર શ્રી નરનારાયણદેવનો ૧૯૭ મો પાટોત્સવ પોતાના વરદ્ હસ્તે સંપન્ન થયો.
૨૦ કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શ્રી નરનારાયણદેવ જયંતી ફૂલ દોલોત્સવ રંગોત્સવ પોતાના વરદ્ હસ્તે ધામધૂમથી ઉજવાયો.

# પ્રાદુર્ભાવનો પૂર્વે

- સાધુ પુરુષોત્તમપ્રકાશદાસ (જેતલપુરધામ)

જે અસુરો ભગવાન સાથે તીવ્ર વેરભાવને લીધે ભગવાનનું સતત સ્મરણવાળા થઈને મૃત્યુ પામે છે તથા જે અસુરો અંતિમ સમયે ભગવાનનું દર્શન કરવા પૂર્વક મરણ પામે છે તે બધા અસુરો મુકિતને પામે છે. પરંતુ ઉપરોકત બંને વૃત્તિ વગરનાં તથા પંચવિષયનાં ભોગોની તીવ્ર તૃષ્ણા સહિત મૃત્યુ પામે છે તેઓ ભગવદ્ ભક્તોને દુઃખી કરવા અવશ્ય પુનઃ જન્મ ધારણ કરતાં હોય છે.

મહાભારત અનુસાર સમુદ્રમંથન સમયે નીકળેલાં અમૃતને દાનવો પડાવી લે છે ત્યારે ભગવાન શ્રી નરનારાયણ દેવ મોહિની સ્વરૂપ ધારણ કરીને દાનવોને મોહ પમાડે છે તથા અમૃત દેવતાઓને રસપાન કરાવે છે. આમ પોતાની સાથે શ્રી નરનારાયણ દેવથી અન્યાય થયેલો જાણી દાનવોએ દેવતાઓ સાથે ભયંકર યુદ્ધ કર્યું. જે યુદ્ધ દેવાસૂર સંગ્રામ નામથી પ્રસિદ્ધ થયું. ભગવાનથી સન્મુખ એવા દેવતાઓના રક્ષણ માટે શ્રી નર ભગવાને શાંર્ગ ધનુષ્ય તથા શ્રી નારાયણ ભગવાને સુદર્શન ચક્ર ધારણ કરી દાનવોને પરાસ્ત કર્યા. શ્રી નરનારાયણ ભગવાને દેવતાઓનો પક્ષ લીધો હોવાના કારણે દાનવો ભગવાનને પ્રિય એવા ભગવદ્ ભકતોને દુઃખી કરવા માટે પુનઃજન્મને પામ્યા.

શ્રીમદ્ ભાગવત પુરાણ (૧૦/૯૦/૪૩-૪૪) કહે છે : ''પ્રાચીન કાળમાં દેવાસુર સંગ્રામ સમયે, ખૂબ જ ભયંકર અસુરો માર્યા ગયાં હતાં. તે જ મનુષ્યોમાં ઉત્પન્ન થયાં અને અત્યંત અભિમાનથી પ્રજાને સતાવવા લાગ્યાં. (૪૩) તેમનું દમન કરવા માટે ભગવાનની આજ્ઞાથી દેવતાઓએ જ યદુવંશમાં અવતાર લીધો. પરિક્ષિત ! તેમનાં કુળોની સંખ્યા ૧૦૧ છે. (૪૪)

આમ પુનઃજન્મને પામેલાં દાનવોનાં સંહાર માટે ભગવાનની આજ્ઞાથી સર્વે દેવતાઓએ યદુવંશમાં જન્મ ધારણ કર્યો. ભાગવત (૧૦/૮૯/૬૦) (૪/૨/૫૯), મહાભારત (આદિ પર્વ-૨૨૩/૮-૯) (વનપર્વઃ ૪૭/૧૦), ઉધોગપર્વઃ (૪૯/૧૯-૨૦) (૯૬/૪૬) (શાંતિપર્વઃ ૩૪૧/૩૭) અનુસાર ભગવાન શ્રી નારાયણ શ્રી કૃષ્ણરૂપે તથા ભગવાન શ્રી નર અર્જુન રૂપે પ્રગટ થયા. ભગવાન શ્રી કૃષ્ણ એ અનેક અસુરોનો સંહાર કર્યો તથા મહાભારતના યુદ્ધમાં શ્રીકૃષ્ણ તથા શ્રી અર્જુને સાથે મળીને પણ અનેક અસુરોનો નાશ કર્યો. ભગવાન શ્રી નરનારાયણનાં સ્વરૂપ એવાં શ્રી કૃષ્ણ તથા અર્જુનથી નાશ પામેલાં અસુરોએ ભગવાનને પ્રિય એવા ભગવદ્ ભક્તોને દુઃખી કરવા માટે પુનઃ જન્મ ધારણ કર્યો.

मया कृष्णेन निहताः सार्जुनेन रणेषु ये ।
प्रवर्तयिष्यन्त्यसुरास्ते त्वधर्मं यदा क्षितौ ॥४२॥
धर्मदेवात्तदा मूर्तौ नरनारायणात्मना ।
प्रवृत्तेऽपि कलौ ब्रह्मन् ! भूत्वाहं सामगो द्विजः ॥४३॥
मुनिशापान्नृतां प्राप्तं सर्षि जनकमात्मनः ।
ततोऽविता गुरुभ्योऽहं सद्धर्मं स्थापयन्नज ! ॥४४॥

(સ્કંદપુરાણ-વિષ્ણુખંડ-વાસુદેવ માહાત્મ્ય-અધ્યાય-૧૮)

''હે બ્રહ્મન્ ! અર્જુનની સાથે મારાથી યુદ્ધમાં જે અસુરો મરાયાં હતાં તે અસુરો જયારે પૃથ્વી ઉપર અધર્મ ફેલાવશે ત્યારે કળિયુગમાં સામવેદી વિપ્રરૂપ ધર્મદેવ તથા મૂર્તિથી નરનારાયણ સ્વરૂપે પ્રગટ થઈશ. હે બ્રહ્મન્ ! ત્યારે સદ્ધર્મનું સ્થાપન કરતો થકો હું, મુનિના શ્રાપથી મનુષ્યભાવને પામનારા ઋષિમુનિઓ સહિત ધર્મ-ભક્તિનું તે અસુરાંશ ગુરૂરાજા થકી રક્ષણ કરીશ.'' (૪૨-૪૩-૪૪)

વાસુદેવ માહાત્મ્યનાં ૧૮ માં અધ્યાયનો અભ્યાસ કરતા જણાય છે કે ભગવાન બુદ્ધ પછી તથા ભગવાન

કલ્કીનાં પહેલાં જે નરનારાયણ સ્વરૂપે ભગવાનનાં ચૌદમાં અવતારનો પ્રાદુર્ભાવ વર્ણવ્યો છે તે કળિયુગમાં સામવેદી બ્રાહ્મણ એવા શ્રી હરિપ્રસાદજી (શ્રીધર્મદેવ) તથા શ્રી મૂર્તિદેવી (શ્રીભક્તિ માતા) ને ત્યાં છપૈયામાં પ્રગટ થયેલાં ભગવાન શ્રી સ્વામિનારાયણને જ સંપૂર્ણપણે કહેવામાં આવેલ છે. અન્ય શાસ્ત્રોમાં પણ ભગવાન શ્રી સ્વામિનારાયણના પ્રાદુર્ભાવનું ગૂઢાર્થ વર્ણન જોવા મળે છે. જેમ કે

स्वामिनारायणोऽस्माकमास्ते श्री वेंकटाचले ॥

कदाचिदवयमारुह्य हंसशुकं मनोजवम् ॥९॥

(સ્કંદ પુરાણ - વૈષ્ણવખંડ-વેંકટાદ્રિમાહાત્મ્ય અ.૭)

શ્રી વેંકટપર્વત વાળી ભારતભૂમિમાં કોઈક સમયમાં હંસ સમાન શુક (પરમહંસ સમાન પાવન) મન સમાન વેગવાળા (કામદેવને ભગાવવાવાળા) ઘોડા ઉપર વિરાજમાન થઈને આપણા સ્વામિનારાયણ ભગવાન વિચરતા હશે. તથા

तारह्यत्पूर्वकं डेडन्तं नारायणपदं भवेत् ॥

अष्टाक्षरो मनुश्चाऽस्य साध्यो नारायणो मुनिः ॥३॥

(બૃહન્નારદીય પુરાણ - પૂર્વ ખંડ અ. ૭૦)

'તારહ્યત્' પદ પહેલા રાખીને 'નારાયણાય' પદ રાખવાથી આઠ અક્ષરવાળો ''તારહ્યન્નારાયણાય'' મંત્ર બને. તેને 'નમઃ' જોડતા દશ અક્ષરવાળો મંત્ર થાય છે. અર્થાત્ 'માયા વિસ્તારને હરવાવાળા નારાયણને નમસ્કાર' આમ બોલીને ''શ્રી નારાયણ મુનિ'' ભગવાનને સાથે લેવા. વળી,

विष्णु सहस्त्र नामसु – नरः कृष्णो

हरिधर्मनन्दनो धर्म जीविकाः ॥१७५॥

(પદ્મપુરાણ - ઉત્તરખંડ - અ. ૭૨)

વિષ્ણુ સહસ્ત્રનામમાં કહ્યું છે - ''ધર્મને જીવીત રાખવાવાળા મનુષ્યરૂપ હરિકૃષ્ણ ધર્મનંદન ભગવાન છે.''

શ્રીમદ્ ભાગવત પુરાણમાં સ્વયં શ્રીકૃષ્ણ ભગવાને કહ્યું છે કે :

अन्योऽपि धर्मरक्षायै देहः सम्भ्रियते मया ।

विरामायाऽप्यधर्मस्य काले प्रभवतः क्वचित् ॥

(ભાગવત - ૧૦/૫૦/૧૦)

''ધર્મની રક્ષા કરવા માટે અને કાળાંતરે વૃધ્ધિ પામતા અધર્મના નાશ માટે હું બીજો દેહ ધારણ કરીશ.''

कृतादिषु प्रजा राजन् कलाविच्छन्ति सम्भवम् ।

कलौ खलु भविष्यन्ति नारायणपरायणाः ॥

(ભાગવત - ૧૧/૫/૩૮/)

''સત્યુગમાં જન્મેલા મનુષ્યો કળિયુગમાં જન્મ ધારણ કરવાને ઈચ્છે છે, કારણ કે કળિયુગમાં મનુષ્યો ખરેખર નારાયણ પરાયણ થશે.''

શુકદેવજીનું વચન છે કે :

किरातहूणान्ध्रपुलिन्दपुल्कसा आभीरकङ्का यवनाः खसादयः ।

येऽन्ये च पापा यदुपाश्रयाश्रयाः शुद्धयन्ति तस्मै प्रभविष्णवे नमः ॥

(ભાગવત - ૨/૪/૧૮)

કિરાત, હૂણ, આંધ્ર, પુલિન્દ, પુલ્કસ, આભીર, કંક, યવન, ખસ વગેરે નીચ જાતિઓ તથા બીજા પાપીઓ જેમના શરણે જવાથી જ પવિત્ર થઈ જાય છે તે સર્વશક્તિમાન ભગવાનને વારંવાર નમસ્કાર કરું છું.

શ્રીમદ્ ભગવદ્ગીતામાં પણ શ્રીકૃષ્ણ ભગવાને કહ્યું છે કે :

यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत ।

अभ्युत्थानमधर्मस्य तदात्मानं सृजाम्यहम् ॥

(શ્રીમદ્ ભગવદ્ ગીતા ૪/૭)

હે ભારત ! (અર્જુન) જ્યારે જ્યારે ધર્મની હાનિ અને અધર્મની વૃધ્ધિ થાય છે ત્યારે ત્યારે હું પોતાના રૂપને સર્જુ છું. એટલે લોકો સમક્ષ પ્રગટ થાઉં છું.

परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम् ।

धर्मसंस्थापनार्थाय सम्भवामि युगे युगे ॥

(શ્રીમદ્ ભગવદ્ ગીતા ૪/૮)

સાધુપુરુષોનો ઉધ્ધાર કરવા માટે, પાપકર્મ કરનારાઓનો વિનાશ કરવા માટે અને ધર્મની સમ્યક્ રીતે સ્થાપના કરવા માટે હું યુગે યુગે પ્રગટ થાઉં છું.

સંતોનું એવું મન્તવ્ય છે કે ભાગવતમાં તથા ગીતામાં જે આ સંકેતો છે તે સાક્ષાત્ ભગવાન શ્રી સ્વામિનારાયણ પરમાત્મા માટે જ છે.

(અનુ. પેજ નં. ૦૭ ઉપર)

# ભક્તિનયનનું શરણું મળ્યું છે



- શાસ્ત્રી નિર્ગુણદાસ (અમદાવાદ)

प्रार्थना स्तोत्र - वसंततिलका वृत्तम् अखंडानन्द वर्णी कृत्

हे नीलकंठ शरणागतजीवपालं संसारसिंधु पतितोद्धरणैककृत्यम् ।
स्वानां सुखं वितरितुं धृतनैकरुपं प्राप्तोऽस्मि भक्तितनयं शरणं हरिं त्वाम् ॥१॥
स्वामिन् सदाऽतिकरुणार्द्रविलोचनाब्जं स्वातिप्रियोद्धवमताब्जविकासनार्कम् ।
पाखंडखंडनपटं स्वजनार्द्रचितं प्राप्तोऽस्मि भक्तितनयंशरणंहरिं त्वाम् ॥२॥
मुक्तिप्रदं भवभयार्तजनस्य बंधुम् धर्माढ्यभक्तिपथपोषणतत्परं च ।
भक्तप्रियं सुरनराधिपवंद्यपादम् प्राप्तोऽस्मि भक्तितनयंशरणंहरिं त्वाम् ॥३॥
नारायणं धृतमनोहरवर्णिवेषम् धर्मं च नैष्ठिकमिह प्रथयंतमाद्यम् ।
तापत्रयाभिभवकारिगुणानुवादं प्राप्तोऽस्मि भक्तितनयंशरणंहरिं त्वाम् ॥४॥
शर्मप्रदातुमवनौ स्वसतामदभवम् हंतुं च तत्प्रतीपदुष्टजनान्सदीशम् ।
भक्तौ वृषाद्धृतशुभांगमजं रमेशं प्राप्तोऽस्मि भक्तितनयंशरणंहरिं त्वाम् ॥५॥
यस्येक्षणं स्मरणकीर्तनवंदनानि प्रीत्यार्हणं श्रवणमाशु हरंति पापम् ।
मोक्षं दिशन्तिभवपाशनिबंधनातम् प्राप्तोऽस्मि भक्तितनयंशरणंहरिं त्वाम् ॥६॥
यस्याश्रयादवरजंतुरपि स्वपापं हित्वाप्य देववरणीयमथ स्वरुपम् ।
एत्यक्षरे निवसनं तमतीत्य विध्नान् प्राप्तोऽस्मि भक्तितनयंशरणंहरिं त्वाम् ॥७॥
दीनानुकंपितमरं शरणागताघस्तोमम् गुणज्ञ न गणय्यगुणम् तदीयम् ।
अप्यल्पमीश सुभगं बहु मन्यमानम् प्राप्तोऽस्मि भक्तितनयंशरणंहरिं त्वाम् ॥८॥
संसारसिंधुपतितस्य निजाधतः स्वप्रारब्धकर्म परिभुक्तवतोऽल्प बुद्धैः ।
वीक्ष्य स्वयं स्वबिरुदं कुरु मे भवाब्धेरुदधारमार्तिहरणं प्रणामाम्यहं त्वाम् ॥९॥

અખંડાનંદ વર્ણી આ સ્તોત્રમાં પોતાના ઈષ્ટદેવ પરબ્રહ્મ પરમાત્મા સર્વાવતારી ભગવાનશ્રીસ્વામિનારાયણની ભાવવિભોર થઈને પ્રાર્થના કરે છે. સંપ્રદાયમાં પ્રચલિત મહાપૂજાનો વિધિ વર્ણિરાજ અખડાનંદજીએ પોતાના ગ્રન્થ હરિચરિત્ર નામના સંસ્કૃત ભાષામાં રચેલ છે તેમાં વર્ણવેલ છે. જેની પ્રસિદ્ધિ અને પ્રચાર અ.સ.શ્રી ગોપાળાનંદ સ્વામીની આજ્ઞાથી વિશેષ થયેલ છે. તે શ્રીહરિને અતિ પ્રિય છે કારણ કે આ મહાપૂજાનો વિધિ શ્રીમદ્‌ભાગવત અને શ્રીવાસુદેવ માહાત્મ્યમાં પણ વર્ણન કરીને તે એકાન્તિક ભક્તોને હમેશાં કરવાની આજ્ઞા પણ કરેલ છે. તેથી આ ઉદ્ધવસંપ્રદાયની રીતિ પ્રમાણેની વિધિની રચના કરેલ છે. તે મહાપૂજાના અને શ્રીહરિની પ્રાર્થના આવી રીતે કરવા માટે આ સ્તોત્ર અષ્ટકની રચના પણ કરવામાં આવેલ છે. તેનો ભાવ એ છે કે કેવા મોટા ભગવાન આપણને મળ્યા છે તેના શબ્દોના અર્થને સમજવાનો પ્રયત્ન કરીએ

**હે નીલકંઠ શરણાગતજીવપાલ સંસારસિંધુ પતિતોદ્ધરણૈકકૃત્યમ્ । સ્વાનાં સુખ વિતરિંતુ ધૃતનૈકરૂપં પ્રાપ્તોડસ્મિ ભક્તિતનયં શરણં હરિં ત્વામ્ ॥૧॥**

હે નીલકંઠ નામધારી પરમાત્મા આપનો સ્વાભાવિક સ્વભાવ છે કે આપના શરણે આવેલા કોઈ પણ જીવને તે પાત્ર છે કે કુપાત્ર તેનો વિચાર કર્યા વિના જ જીવમાત્રનું રક્ષણ કરો છો. સંસારસાગરમાં ડુબકા ખાતા અર્થાત માયિક દુઃખ અને કષ્ટોને ભગવતા જીવોનો ઉદ્ધાર કરવો તેને તેમાંથી તારવા એ જ એક જેમનો આ પૃથ્વી ઉપર અવતરણનો હેતુ છે. અવતાર ધારણ કરવાનું કારણ છે. જગતની ઉત્પતિ સ્થિતિને પ્રલય રૂપ ક્રિયા પણ ભગવાન જ જીવોના હિત માટે જ કરે છે. અને પછી તે પોતે સૃજેલાં જગતમાં પોતે જ અનેક રૂપ ધારણ કરે છે વારે વારે અવતાર ધારણ કરે છે જ્યાં જેવા રૂપની જરૂર જણાય ત્યાં તેવા રૂપે અવતાર ધારણ કરીને જીવોને ઉગારે છે. એવા દયાળુ જગત જનની જગતમાતા ભક્તિદેવીના પુત્ર રૂપે આ કળિકાળમાં પ્રગટ થયેલાં સ્વયં પરબ્રહ્મ પરમાત્મા શ્રીહરિનું શરણું પ્રાપ્ત થયું છે અને શરણાગત બનાવ્યો છે. (૧)

**સ્વામિન્ સદાડતિકરૂણાર્દ્રવિલોચનાબ્જં સ્વાતિપ્રિયોદ્ધવમતાબ્જવિકાસનાર્કમ્ । પાખણ્ડખણ્ડનપટું સ્વજનાર્દ્રચિતં પ્રાપ્તોડસ્મિ ભક્તિતનયં શરણં હરિં ત્વામ્ ॥૨॥**

હે સ્વામીન સર્વના નિયન્તા સર્વના કર્તાહર્તા સર્વાન્તર્યામી હે પ્રભુ આપ સદા સર્વકાળમાં જીવમાત્ર ઉપર અતિશે કરૂણામય નેત્રોથી દયા કરૂણાને કારણે દ્રવી ગયા છે ભીના થઈ ગયેલ છે અર્થાત આંખોમાંથી આંસુઓ વહે છે એવા નેત્રકમલથી પ્રેમ વાત્સલ્યનો જાણે સાગર છે તેમ જુવો છો. તેથી પોતાના સખા એવા ઉદ્ધવજીએ પોતાની જ આજ્ઞાથી જગતમાં પ્રવર્તાવેલ એકેશ્વર ઉપાસનાનું જ્ઞાન રૂપી મતને સારી રીતે પોષણ કરો છો. તેને વિકસાવો છો. અને જગતમાં ચાલતા દંભ આડંબર રૂપી પાખંડ મતનું ખણ્ડન કરવામાં અતિ ચતુરતાથી કુશળતાથી નિરાકરણ કરો છો. પોતાના એકાન્તિક ભક્તોની સમજણથી જેમનું હૃદય સદા સર્વદા હમેંશા કરૂણાથી ભરેલું જ રહે છે. એવા દયાળુ જગત જનની જગતમાતા ભક્તિદેવીના પુત્ર રૂપે આ કળિકાળમાં પ્રગટ થયેલાં સ્વયં પરંબ્રહ્મ પરમાત્મા શ્રીહરિનું શરણું પ્રાપ્ત થયું છે અને શરણાગત બનાવ્યો છે. (૨)

**મુક્તિપ્રદં ભવભયાર્તજનસ્યબન્ધુમ્ ધર્માઢ્યભક્તિપોષણતત્પરં ચ । ભક્તપ્રિયં સુરનરાધિપવંન્ધપાદમ્ પ્રાપ્તોઽસ્મિ ભક્તિતનયં શરણં હરિ ત્વામ્ ॥૩॥**

હે પરમેશ્વર શ્રીહરિ આપના શરણે આવેલાને આત્યન્તિક મોક્ષની પ્રાપ્તિ થાય છે. અને જન્મ મરણના ભયથી અતિ વ્યાકુળ છે તેવા જીવોના સાચા બંધુ છો. મુમુક્ષુને સત્ય માર્ગ જે ધર્મો સહિત એકાન્તિકિ ભક્તિ કરીને ભગવાન મેળવવાનો સરળ ઉપાય તેનો ઉપદેશ આપો છો. ભક્ત જનોને આપ અતિ પ્રિય છો. અને આપને પણ ભક્તો અતિ પ્રિય છે. જેમના ચરણોને મોટા મોટા દેવતાઓ રાજા મહારાજાઓ સિદ્ધો અને તપસ્વીઓ પણ સેવે છે. એવા દયાળુ જગત જનની જગતમાતા ભક્તિદેવીના પુત્ર રૂપે આ કળિકાળમાં પ્રગટ થયેલાં સ્વયં પરંબ્રહ્મ પરમાત્મા શ્રીહરિનું શરણું પ્રાપ્ત થયું છે અને શરણાગત બનાવ્યો છે. (૩)

**નારાયણં ધૃતમનોહરવર્ણિવેષમ્ ધર્મંચ નૈષ્ઠિકમિહં પ્રથયન્તં । તાપત્રયાભિભવકારિગુણાનુવાદં પ્રાપ્તોઽસ્મિ ભક્તિતનયં શરણં હરિ ત્વામ્ ॥૪॥**

બદ્રિકાશ્રમમાં તપ કરતા નરનારાયણ ઋષિ તે જ દુર્વાસા ઋષિનો શ્રાપ સ્વીકારીને નારાયણ સાક્ષાત્ અત્યારે મનુષ્ય શરીર ધારણ કરીને વિચરણ કરો છો. જે અતિ મનોહર વર્ણીનો બટુક બ્રહ્મચારીનો વેષ વસ્ત્રો ધારણ કરેલ છે. અતિ કઠણ અને મહાન જે નૈષ્ઠિક બ્રહ્મચારીનો ધર્મ તેનું પાલન કરીને જગતને તે માર્ગે વાળો છો. તમારા ગુણોનું ગાન કરનારાના ત્રણ પ્રકારના તાપ દુઃખો કાયિક વાચિક માનસિક આધ્યાત્મિક આધિદૈવિક આધિભૌતિક નાશ પામે છે. એવા દયાળુ જગત જનની જગતમાતા ભક્તિદેવીના પુત્ર રૂપે આ કળિકાળમાં પ્રગટ થયેલાં સ્વયં પરબ્રહ્મ પરમાત્મા શ્રીહરિનું શરણું પ્રાપ્ત થયું છે અને શરણાગત બનાવ્યો છે. (૪)

**શર્મપ્રદાતુમવનૌ સ્વસત્તામદભ્રમ્ હંતું ચ તત્પ્રતીપદુષ્ટજનાન્સરાદીશમ્ । ભક્તૌ વૃષાદ્ધૃતશુભાંગમજં રમેશં પ્રાપ્તોઽસ્મિ ભક્તિતનયં શરણં હરિ ત્વામ્ ॥૫॥**

પોતાના અતિપ્રિય ભક્તોને આત્યન્તિક મોક્ષ અપાવવા માટે સ્વયં સદા અજન્મા હોવા છતાં તેમના જન્મ અને કર્મ સદા દિવ્ય છે તો પણ સત્પુરૂષ એવા ભક્તોને સુખ આપવા માટે અને ધર્મના વિરોધી દુષ્ટોનો વિનાશ કરવા માટે સર્વના ઈશ નિયન્તા સ્વામી લક્ષ્મીપતિ એવા પરમેશ્વર શ્રીહરિ સ્વયં હરિપ્રસાદ વિપ્ર જે ધર્મદેવના નામથી પ્રસિદ્ધ છે તેમના આંગણે માતા ભક્તિદેવીના ઉદરથી જન્મી મનુષ્ય દેહ ધારણ કરેલ છે. એવા દયાળુ જગત જનની જગતમાતા ભક્તિદેવીના પુત્ર રૂપે આ કળિકાળમાં પ્રગટ થયેલાં સ્વયં પરંબ્રહ્મ પરમાત્મા શ્રીહરિનું શરણું પ્રાપ્ત થયું છે અને શરણાગત બનાવ્યો છે. (૫)

**યસ્યેક્ષણં સ્મરણકીર્તનવંદનાનિ પ્રીત્યાર્હણં શ્રવણમાશુ હરંતિ પાપમ્ । મોક્ષં દિશન્તિભવપાશનિબંધનાત્તામ્ પ્રાપ્તોઽસ્મિ ભક્તિતનયં શરણં હરિ ત્વામ્ ॥૬॥**

હે પ્રભુ આપના પ્રેમ પૂર્વક દર્શન કરે કે સ્મરણ કરે વંદન કરે કે પૂજન કરે છે કે ગુણગાન મહિમા ની કથા સાંભળે છે તેના સર્વ પાપો તત્કાળ જ નાશ પામી જાય છે. અને ભવબંધનના પાશથી મુક્ત થઈને મોક્ષને મેળવે છે એવા દયાળુ જગત જનની જગતમાતા ભક્તિદેવીના પુત્ર રૂપે આ કળિકાળમાં પ્રગટ થયેલાં સ્વયં પરંબ્રહ્મ પરમાત્મા શ્રીહરિનું શરણું પ્રાપ્ત થયું છે અને શરણાગત બનાવ્યો છે. (૬)

**યસ્યાશ્રયાદવરજન્તુરપિ સ્વપાપં હિત્વાપ્ય દેવવરણીયમથ સ્વરૂપમ્ । એત્યક્ષરે નિવસનં તમતીત્ય વિધ્નાન્ પ્રાપ્તોડસ્મિ ભક્તિતનયં શરણં હરિ ત્વામ્ ॥૭॥**

હે પરમેશ્વર આપનો આશ્રય કરવા માત્રથી પામરમાં પામર જીવ અધમમાં અધમ વ્યક્તિ સાધારણ જીવ પણ મોટા દેવતાઓને પણ જે ન મળી શકે તેવી ઉંચી પદવીને પ્રાપ્ત કરે છે. અને મોક્ષ મેળવવાના માર્ગમાં આવતાં સર્વ પ્રકારના વિઘ્નો અંતઃશત્રુઓ અને વિષયવાસનાને જીતીને અવિનાશી એવા અક્ષર ધામમાં જઈને સદા મહાસુખ ભોગવે છે. એવા દયાળુ જગત જનની જગતમાતા ભક્તિદેવીના પુત્ર રૂપે આ કળિકાળમાં પ્રગટ થયેલાં સ્વયં પરંબ્રહ્મ પરમાત્મા શ્રીહરિનું શરણું પ્રાપ્ત થયું છે અને શરણાગત બનાવ્યો છે. (૭)

**દીનાનુકંપિતમરં શરણાગતાધસ્તોમં ગુણજ્ઞ નગણય્યગુણમ તદીયમ્ । અપ્યલ્પમીશં સુભગં બહુ મન્યમાનં પ્રાપ્તોડસ્મિ ભક્તિતનયં શરણં હરિ ત્વામ્ ॥૮॥**

આપના શરણે કોઈ દીન સાધારણમાં સાધારણ ગરીબ જીવ આવે છે તેના ઉપર અતિ દયા કરીને અનુકંપા કરૂણા કરીને તેના મોટા મોટા પાપોનો સમુદાય હોય તેનો તત્કાળ નાશ કરીને તેનામાં રહેલા કિંચિત માત્ર થોડા જ પણ કંઈક સદ્‌ગુણ હોય તો તેને મોટા માનીને અપનાવી લો છો અને પોતાના એકાંતિક ભક્તોના જેવી સ્થિતિ ગતિ આત્યન્તિક મોક્ષ આપો છો. એવા દયાળુ જગત જનની જગતમાતા ભક્તિદેવીના પુત્ર રૂપે આ કળિકાળમાં પ્રગટ થયેલાં સ્વયં પરંબ્રહ્મ પરમાત્મા શ્રીહરિનું શરણું પ્રાપ્ત થયું છે મને શરણાગત બનાવ્યો છે. (૮)

**સંસારસિન્ધુપતિતસ્ય નિજાઘતઃ સ્વપ્રારબ્ધકર્મ પરિભુક્તવતોડલ્પબુદ્ધેઃ । વીક્ષ્ય સ્વયં સ્વબિરૂદં કુરૂ મે ભવાબ્ધેરૂદ્ધરણં માર્તિહરણં પ્રણમામ્યહમ ત્વામ્ ॥૯॥**

હે ભગવાન પોતાના જ કર્મોથી આ સંસાર સાગરમાં જન્મમૃત્યુના ફેરામાં પડેલો જીવ પોતાના જ પાપ કર્મોના કારણે મહાન કષ્ટ અને દુઃખને ભોગવે છે. તે સાધારણ અલ્પ બુદ્ધિવાળા જીવો ને ખબર નથી મોક્ષમાર્ગની તેથી મોક્ષનો ઉપાય પણ કરી શકતા નથી. એવા જીવો ઉપર આપ જ સ્વયં આપના જ આપેલા વચનને યાદ કરીને જે આપે કહેલ છે કે જીવોના કર્મોને જાયા વિના જ તેનો ઉધ્ધાર કરવો એ જે વચન બિરૂદ તેનું સ્વયં પોતેજ સ્વીકાર કરીને પ્રાર્થના કરતાં વર્ણીરાજ કહે છે હે પ્રભુ મારો અને સૌ શરણે આવેલ જીવોનો ભવસાગરથી જન્મ મરણના બંધનથી ઉદ્ધાર કરજો આ પ્રાર્થના કર્યા વિના મારી પાસે બીજો કોઈ ઉપાય નથી તેથી તમારા ચરણોમાં સાષ્ટાંગ દંડવત પ્રણામ કરૂ છું. તેનો સ્વીકાર કરજો.

(અનુ. પેજ નં. ૭ નું ચાલુ)

આમ અનેક શાસ્ત્રો - પુરાણોમાં ભગવાનના પ્રાગટ્યની પૂર્વ આગાહીઓ ગૂઢાર્થ રીતે વર્ણવી છે. પરંતુ ભગવાનને ઓળખવા જાણવા માટે એવો કોઈ નિયમ નથી કે પૂર્વેના શાસ્ત્રો-પુરાણોમાં ઉલ્લેખ હોવો જ જોઈએ. કેમ કે ઘણા અવતારો પૂર્વ આગાહીઓ વિના પણ થયેલા જ છે. પરંતુ શાસ્ત્રો ગૂઢાર્થ રીતે પોતાનો અભિપ્રાય સ્પષ્ટ કરતા હોય છે. ખરેખર તો ભગવાન અપ્રતિમ ઐશ્વર્ય દર્શનથી અને આર્ષવાણીથી જાણી તેમજ ઓળખી શકાય છે.

ઉદ્ધવ સંપ્રદાયનાં સર્વે પરમહંસોએ સત્સંગિજીવન, સત્સંગિભૂષણ, ભક્તચિંતામણી, શ્રીહરિદિગ્વિજય, શ્રી હરિલીલા કલ્પતરૂ આદિક સર્વે ગ્રંથોમાં પણ ભગવાન સ્વામિનારાયણના પ્રાદુર્ભાવ વિષે વર્ણન કરતાં લખે છે કે, બદ્રિકાશ્રમમાં ભગવાન શ્રી નરનારાયણ દેવનાં મુખેથી અમૃતપાન કરવામાં નિમગ્ન હોવાનાં કારણે શ્રી ધર્મદેવ, શ્રીભક્તિમાતા, શ્રી ઉદ્ધવજી તથા મરિચ્યાદિક ઋષિઓથી જયારે દુવાર્સાઋષિનું સન્માન ન થયું ત્યારે દુર્વાસા ઋષિએ સર્વેજનોને શ્રાપ આપી ભરતખંડમાં જન્મ ધારણ કરી અસુરો થકી કષ્ટ પામશો એમ જણાવ્યું તથા તેમનાં શ્રાપનાં નિવારણ અર્થે તેમણે શ્રી નરનારાયણ દેવ પણ ભરતખંડમાં પ્રગટ થઈ મનુષ્યભાવને પામીને સર્વે જનોને મારા શ્રાપથી મુકત કરશે તેમ પણ જણાવ્યું છે.

# પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના મુખેથી સર્વ જીવ હિતાવહ અમૃત વચનો

- સંકલન : ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી-બાપુનગર)

**જનની અને જન્મભૂમિ સ્વર્ગથી અધિક છે.** આપણી સંસ્કૃતિનું મૂળ જો કંઈ હોય તો એ ગામડા છે. આજે આપણી પાસે ૨-૩ માળના એરકન્ડીશનની સુવિધા વાળા પાકા મકાનો છે. પરંતુ યાદ કરીએ એ વડીલોને કે જેઓ દેશી નળિયાના અને હાથેથી ગારનું લીંપણ કરેલા મકાનોમાં રહેતા હતા. એકાદ બે રૂમ, બાજુમાં રસોડું, ચોકડી હોય. આજે આપણી પાસે ભગવાન માટે આરસના સિંહાસનો છે. સોનાના પણ થાય છે. પરંતુ એ સમયે રૂમમાં ભગવાન માટે લીંપણ કરેલો એક ગોખલો રાખતા, તે ગોખલામાં ભગવાનની પ્રતિમા હોય, ફ્રેમ જરૂરી નથી, તે જમાનામાં નહોતી. ગોખલામાં ભગવાનને દીવો, અગરબત્તી થતા. ગોખલો ક્યાંક ઘીની વાટની જ્યોતમાંથી નીકળી ધ્રુમસેરને કારણે કાળાશ વાળો થતો પરંતુ **એ કાળાશમાં જે ઉજળાશ છે એના કારણે આજે આપણે અહીં બેઠા છીએ. એ રસોડામાં રોટલો બનાવતા માતાઓએ દીકરા-દીકરીઓને ખોળામાં લઈ રડતા છાના રાખ્યા અને સંસ્કાર રેડ્યા એના કારણે આજે આપણે મંદિરના પગથિયા ચડીએ છીએ. દેશ-વિદેશમાં ગમે ત્યાં સ્થાયી થયા હો પરંતુ તેનો છેડો મૂળ ક્યાં અડે છે એ ક્યારેય ભૂલવું નહી, એ શાસ્ત્રનો સાર છે. પૂર્વજોએ જે સંસ્કાર રેડ્યા છે તેના કારણે આપણે સુખી થયા છીએ તે ઋણથી આપણે મુક્ત થઈ શકીએ નહી.** સમય આગળ વધે પરંતુ એ વારસો ભૂલાય નહી એ કાળજી રાખવાની છે. **સરળતામાં જે મઝા છે એ બહુ આડંબરમાં મઝા નથી.**

આપણા અસ્તિત્વ પાછળનું જો કોઈ કારણ હોય તો એ આપણી બુદ્ધિનું માપ નહી પરંતુ આપણને ભગવાન મળ્યા એટલે સુખી થયા છીએ. આપણને સંસ્કાર, સદ્‌બુદ્ધિ, સારા વિચાર ભગવાન આપે છે. તમે ૩૦ સેકન્ડ મંદિરમાં ભગવાન સામે ઉભા રહો અને ૩૦ મિનિટ ગામના ચોરે ઉભા રહો. વિચારોમાં ભેદ ભાવ આવે છે કે નહિ ? વધારે નહીં તો ૧૦% તો ભેદ પડે જ છે. ૩૦ મિનિટમાં ગામના ચોરે સદ્‌વિચાર ન આવ્યા અને માત્ર ૩૦ સેકન્ડમાં મંદિરમાં ભગવાનની સાનિધ્યમાં સદ્‌વિચાર આવ્યા. મંદિરના પગથિયા ઉતર્યા પછી જે થાય તે તો આપણે જાણીએ. પરંતુ **ભગવાનનું સાનિધ્ય સારા અને ઉમદા વિચારોનું વાતાવરણ આવે છે એ હકીકત છે.** આ વાતાવરણ આપણે સંતાનોને આપવાનું છે. સંસ્કાર કોઈને ખીસામાંથી કે થેલીમાંથી કાઢીને આપી શકાતા નથી. સંસ્કાર ઘરના અને પરિવારના વાતાવરણમાંથી મળે છે. બાકી દુનિયામાં આપણે જોઈએ છીએ. મદિરનું ૧ પગથિયું હોય તો પણ ચડી શકાતું નથી. આપણી જ વાત કરો ને, એકાદશી આવે એટલે કહે હવે પૂનમે જઈશું. પૂનમ આવે એટલે વળી પાછા કોઈ કામના બહાને મહિનો પાછું ઠેલાય જાય ! મહારાજે દરરોજ સંધ્યા ટાઈમે મંદિરે જવાની આજ્ઞા કરી એની તો ક્યાંય બાદબાદી થઈ જાય ! બહુ અઘરું છે.

**આપણા ઘણા બધા ગામડાઓના હરિમંદિરોમાં શ્રીજી મહારાજની હયાતીની પ્રસાદીની મૂર્તિઓ છે. એની કોઈ કિંમત કરી શકે નહી. ગામડાઓ સાથે મહારાજ વખતના ભક્તજનોનો એક સત્ય અને ભવ્ય આગવો ઈતિહાસ જોડાયેલો છે. આ ઈતિહાસ મળે છે ક્યાંય ? દંત કથાઓ ઘણી મળશે ! ઈતિહાસ નહીં મળે** માટે તેનો ગર્વ કરતા શીખીએ. વધારે નહી તો એટલું તો જરૂર રાખશું કે અમે આ ગામના છીએ આ પ્રસાદીની ભૂમિમાં અમને બેસવા મળે છે. એ આપણો વારસો એ જ આપણી સાચી મૂડી અને સંપત્તિ છે. વિદેશમાં જાઓ, લીલી નોટો કમાઓ, વાંધો નહી, ગૃહસ્થ માટે શોભારૂપ છે. પરંતુ **રસ અને પ્રેમ નોટોમાં નહી પરંતુ નોટોનો બાપ જે સિંહાસનમાં બેઠો છે તેમાં રાખજો કારણ કે ઉંઘ અને શાંતિ નોટોથી નથી મળતી પરંતુ આપણને મળ્યા જે ભગવાન તેમાંથી મળે છે. ભગવાન મળ્યા પછી શું કરવા દુઃખી થવું જોઈએ ! મઝા ન કરીએ ! મારા મુખ પર તમે ક્યારેય ગ્લાનિ જોઈ છે ? હસતો જ હોઉ છું ને કાયમ !**

**લિખામિ સહજાનન્દ સ્વામી....... મહારાજ કહે. આ શિક્ષાપત્રી અમે લખીએ છીએ. ઉધારી નહી. કોઈકની પાસે લખાવીએ એવું નહી. શિક્ષાપત્રીમાં મહારાજે કહ્યું કે આ વાણી એ મારું સ્વરૂપ છે. શિક્ષાપત્રીમાં માનવતાનો ધર્મ પ્રથમ લખ્યો છે.** ખેતરમાં દાડિયો રાખ્યો હોય કે કોઈ પ્રસંગે અથવા ધંધામાં મજૂર રાખ્યો હોય એને પહેલા કહેલી રકમ સંપૂર્ણપણે ચૂકતી કરવી તેમાં બાદબાકી ન કરવી. ક્યું

શાસ્ત્ર આવ્યું આમાં ? માનવતાના ધર્મની આ વાત છે. કેવી રીતે દાતણ કરવું એ મહારાજે શીખવાડ્યું. અગાસીમાં ફરતા ફરતા ગામનું દ્રશ્ય જોતા જોતા. મૂડ આવે ત્યારે થૂંકી નાખવું એમ નહી, એક જગ્યાએ બેસીને દાતણ કરવું. આમાં સ્વચ્છતા અને સજ્જનતાનો પાઠ આવ્યો. દેશમાં આજે સફાઈ અભિયાન ચાલે છે. એ મહારાજે આપણને બે સદી પહેલા શીખવાડ્યું છે. દુનિયામાં બાળકના મા-બાપ ૫-૭ વર્ષ સુધી બાળકનો હાથ ઝાલે, પછી છૂટો મૂકી દે, ઠેબુ ખાશે પડશે એટલે શીખશે. **આપણા બાપે જીવન પર્યંત આપણો હાથ ઝાલ્યો છે.** રોજ પાઠ કરવો એ નથી ખબર એટલા માટે નહી પરંતુ યાદ રહે, ભૂલી ન જવાય, માણસાઈ ઓછી ન થઈ જાય એટલા માટે આજ્ઞા છે. **આજે જો અછત અને ઉણપ થઈ હોય તો એ માણસાઈની થઈ છે.** રૂપિયાની કે પેટ્રોલની અછત નથી. કાળા માથાનો માનવી શું ન કરે ! માણસ માણસ પ્રત્યે અંતર વધ્યું છે. ભાઈઓમાં, કુટુંબ પરિવારમાં, સગા-સંબંધીમાં કે આડોશી પાડોશીમાં અંદરો અંદર સ્નેહ ન રાખીએ, કલેશ-કંકાશ કરીએ, વાત તો ૨% જતું કરવાની હોય છે, એટલું જો ન થઈ શકતું હોય અને પછી મંદિરે જઈએ તો એ મંદિરના પગથિયા ઘસવા જેવું છે. વળી પાછા ઘણા સંતાનોને કહેતા જાય કે આના પગથિયા ચડીશ નહીં, વારસો આ આપવાનો છે ? નથી પ્રેમથી રહેવું ? આપણો સંપ્રદાય એ મૂળ માણસાઈનો સંપ્રદાય છે. **માણસાઈ જશે તો કંઈ કામ લાગવાનું નથી. માનવતા એ મોટામાં મોટો ધર્મ છે.** દેશની સુરક્ષા, સંસ્કૃતિ અને માણસાઈથી પ્રેરાઈને જ દર દિવાળીએ લાલજી મહારાજશ્રી તથા શ્રીરાજા અન્નકૂટની પ્રસાદી લઈને આપણા **BSF** જવાનો વચ્ચે દિવાળી પર્વની ઉજવણી કરે છે. દેશના **CRPF** ના શહીદ થયેલા જવાનોના પરિવાર માટે નારણપુરા મંદિરના ઉત્સવના માધ્યમથી ૨૫ લાખનું ભંડોળ એકઠું થયું છે. કોઈને **Direct** સંકલ્પ થતો હોય તો દરેકના સેલફોન પર **CRPF** ની સ્પેશીયલ સાઈટ પરથી ફન્ડિંગ કરી શકે છે. **દેશદાઝ તો હોવી જ જોઈએ. બીજું આવડે કે ન આવડે, આપણે ક્યાં દેશના છીએ એનું ગર્વ કરતા શીખીએ તો એમાં બધું જ આવી જાય. રાષ્ટ્ર પ્રત્યે આપણો એટલો જ ધર્મ છે જેટલો માળા ફેરવવાનો છે.**

રથયાત્રા વખતે શોભાયાત્રા હોય તેનો વાંધો નહી. પરંતુ ચાલું દિવસોમાં અને તેમાં પણ ખાસ કરીને શહેરમાં શોભાયાત્રામાં હું માનતો નથી. શોભાયાત્રા વરઘોડામાં ફેરવાઈ જતી હોય છે. શહેરમાં કેટલો ટ્રાફિક હોય તેમાં વરઘોડાનો ટ્રાફીક અવાજ ભળે. માણસોની શક્તિ તથા સમય તથા પૈસા વેડફાય, પર્યાવરણને ધ્વનિ પ્રદુષણરૂપે અથવા અન્ય કોઈ રીતે નુકશાન પહોંચે. વરઘોડાના કારણે માર્ગ પરથી પસાર થતા વાહન ચાલકને ચાર રસ્તા પર અડધી કલાક માટે રોકી રાખવામાં આવે તો માણસ શોભાયાત્રા માટે સારા શબ્દો બોલશે ? છાતી પર હાથ મૂકીને કહેજો. માટે આપણી શોભાયાત્રાથી સામાન્ય માણસને ત્રાસ ન પહોંચે એટલા માટે માનવતા રૂપી ધર્મનો વિચાર કરીને વરઘોડા કરવા નહી એવું મારું માનવું છે.

**મહારાજે ત્યાગનો પક્ષ મોળો કરીને ઉપાસના માટે મંદિરો કરાવ્યા છે. આ સ્ટેટમેન્ટ બહુ મોટું છે.** સભામાં માળા તો ઘણા પહેરી જાય છે. માળા ફેરવવી એ પણ એક મોટું તપ છે. હું નથી કહેતો કે ૪૦ માળા ફેરવો, ૫ માળા ફેરવો તો પણ ઘણું છે પરંતુ નિત્ય પ્રત્યે ભગવાનના મંદિરે જઈને દેવ દર્શન કરવું એ ખટકો રાખજો. એ અમારી અરજ છે, અનુરોધ છે. જ્યાં જરૂર પડી ત્યાં સંતોએ પ્રેરણા કરી, તમે ભેગા મળીને મહેનત કરી છે એટલે એ મંદિરોનો ઉપયોગ થાય એ જરૂર છે. મંદિરે જઈએ તો સાચા અર્થમાં મંદિરે જ જવાનું. જેના માટે એક વાત યાદ આવી જે કહી દઉ. કોઈ એક ચેલો એવા ગુરુની શોધમાં હતો કે જે ગુરુમાં બીજા કરતાં કંઈક વિશેષતા, કાબેલિયત અધિક હોય. જેનાથી હું આગળ વધી શકું, મારા અનુભવનું લેબલ વધે, કોઈએ કહ્યું કે ફલાણા ગુરુ પાસે જા. એ ગયો. ગુરુને વાત કરી કે હું તમારી સાથે રહેવા માગું છું મારે બીજા પાસે ન હોય તેવા અધિક જ્ઞાનની અને અનુભવની પ્રાપ્તિ કરીને સાથે ભગવાનની પણ પ્રાપ્તિ કરવી છે. તે ગુરુ પાસે ૧૫ દિવસ - મહિનો રહ્યો. દરરોજ જુએ કે ગુરુ કેમ સૂવે છે. કેમ ખાય છે. કેવી રીતે માળા ફેરવે છે ? ચેલાને બધું રાબેતા મુજબનું લાગ્યું, કંઈ વિશેષ જણાયું નહી એટલે એક દિવસ કંટાળીને ગુરુને કહે, તમારામાં અને મારામાં ફેર શું છે ? તમે ઉંઘો છો, ખાવ છો, માળા ફેરવો છો તો હું પણ ઉંઘું છું. ખાઉં છું અને માળા ફેરવું છું. હું હવે જઉં છું. ખાલી ખોટો મારો ટાઈમ બરબાદ થાય છે. હવે ગુરુએ જે જવાબ આપ્યો તે સાંભળજો. ગુરુ કહે, તારે જવું હોય તો તું જઈ શકે છે. કંઈ વાંધો નહી પરંતુ તું ભેદની વાત કરતો હોય તો ભેદ એટલો કે **હું ઉંઘું છું ત્યારે ઉંઘું છું, જાગું છું ત્યારે જાગું છું, ખાવ છું ત્યારે ખાવ છું અને માળા કરુ છું ત્યારે માળા જ કરું છું.** હવે વિચાર કરો, આ પ્રમાણે કરવું એ બહુ અઘરું છે ને ! વાત એટલા માટે કરી કે, **ભગવાનના દર્શન કરતી વખતે માત્ર દર્શન જ કરીએ.** મંદિરમાં કોણ આવ્યું અને કોણ ગયું એ જોવાની જરૂર ન હોવા છતાં એ યાદ રહે છે, જ્યારે ભગવાનના છેલ્લે ક્યારે, ક્યાં કેવા દર્શન કર્યા એ યાદ રહેતું નથી.

જીવનમાં પ્રથમવાર ભગવાનની પૂજા કરતા હોઈએ, સંતોએ પ્રેરણા કરી હોય, પ્રણાલિકા શીખવાડી હોય, સ્નાન કરી ધોતિયું પહેરવાનું, તિલક-ચાંદલો, મહારાજના આસનમાં ક્યાંય ક્રિજ ન રહે, બધો જ વિધિ ભાવથી, શ્રધ્ધાથી અને ચીવટથી કાળજીપૂર્વક કરીએ. પાંચ વર્ષ પછી શું દશા હોય છે ? સમજી ગયા ને ? પૂજામાં ફોન આવે, એક માળા ચાલશે. જવા દોને કાલે કરી લઈશું ! એવા લોકો હોય છે, ભગવાન બચાવે, મેં જોયું છે એટલે કહું છું. એક જગ્યાએ હું રૂમની બહાર નીકળ્યો, જોયું તો એક ભગતે મૂર્તિ ઉંધી પધરાવેલી, હું કંઈ બોલ્યો નહીં જતો રહ્યો. તમારી વ્યક્તિગત પૂજા છે. અને હું જોવા માટે નિકળ્યો પણ નહોતો પરંતુ મનમાં તો જરૂર એવું થાય કે અરે ભાઈ ! ભગવાનને - મૂર્તિને તો સીધી રાખ ! **માટે જ મહારાજે કહ્યું છે કે નિત્ય પ્રત્યે નવી શ્રધ્ધા રાખવી.** યંત્રવત્ ટેવ નથી પાડવાની. સાચા અર્થમાં શ્રધ્ધા અને ભક્તિમાં અભિવૃધ્ધિ થવી જોઈએ.

આપણે દેવના-ભગવાનના થઈને રહેવાનું છે. ભગવાનને રાખ્યા છે. તેના કારણે જ આપણે રૂડા થયા છીએ. ઝુંડાલ ગામ કહેવાય છે પરંતુ અમદાવાદને અડીને આવી ગયું હોવાથી પરુ થઈ ગયું છે. ભાવ ઉંચકાઈ ગયા છે. **બધું જ ઉંચકાય એ ભેગો સત્સંગ, સંસ્કાર અને માણસાઈ ઉંચકાય એનું ધ્યાન આપણે રાખવાનું છે.** બધું જ આવશે અને જશે પરંતુ સરવાળે **જેઓએ મહારાજની આજ્ઞા પાળી છે, ભગવાન અને ભગવાનના ભક્તનો ગુણ રાખ્યો છે તેઓ સુખી છે. આ હકીકત છે. મહારાજે કોઈ જ્ઞાતિ કે જાતિ અથવા ઉંચ કે નીચનો ભેદભાવ પાડ્યો નથી. ભગવાનના ભક્ત બનવું એ જ મોટું બિરૂદ છે.** વડીલો અડધા શતકથી મંદિરની તથા સત્સંગની સેવા કરતા આવ્યા છે હવે એ જવાબદારી યુવાનોની બને છે.

**જો આપણે આપણું જ કર્યા કરીશું તો એ તો પશુઓ પણ કરે છે. કોઈકના માટે કંઈક કરીએ તો એ સાચા અર્થમાં સજ્જન માણસ કહેવાય.** ઢોરોને ચરવા માટે છૂટા મૂકીએ તો ચરીને પેટ ભરીને પછી આવતા રહે, ઘાસનો પૂળો સાથે લાવતા નથી. ભગવાન જેવા ભગવાને સેવકરામને સાધુ જાણીને, રોગી જાણીને સેવા કરી, ખાલી વાતો કે ઉપદેશ નથી કર્યો. ગામમાં જો કોઈ સાચી રીતે હકીકતમાં દુઃખી હોય તો તેને મદદ કરવાની આપણી ફરજ બને છે. મંદિરમાં પ્રદક્ષિણાની પાળી પર બે પરિચિત ભેગા મળીને, બેસીને કેમ છો ? કેમ નહી ? એવું પૂછે એમાં કંઈ ભગવાન એમને નરકમાં નથી લઈ જવાના. અમદાવાદ કે મૂળીનું મંદિર જુઓ, પ્રદક્ષિણામાં બ્રહ્માનંદ સ્વામીએ સગવડતા આપેલી જ છે. શક્ય હોય તો મંદિરના પ્રાંગણમાં પણ બાળકોને લગતી તથા વડીલોને લગતી સુવિધા કરી આપો. બાળકો ભગવાનની સાનિધ્યમાં મોટા થશે. વડીલો શિયાળાના તાપમાં બેસીને ભલે ગપાટા મારે, કોઈની નિંદા ન કરે ત્યાં સુધી ચિંતા નથી. જ્ઞાતિ-જાતિ વગર માણસો પોતાના જન્મ દિવસના, લગ્નના કે મરણ પ્રસંગના સામાજિક કાર્યો, જમણવાર આપણા મંદિરમાં પાર પાડી શકે એ સગવડ આપવાની જવાબદારી આપણી છે જ. એમ ને એમ રૂપિયા વેડફવા એના કરતા આવા કાર્યોમાં પૈસા કેમ ન વાપરીએ ! નવો પ્રોજેક્ટ શરૂ થતો હોય ત્યારે તેના ચાર નિષ્ણાંત માણસોનો અભિપ્રાય લઈએ. અંબાપુર ગામમાં હમણા ઉકરડાની જમીનમાં બગીચો બનાવ્યો. આ બધી શાસ્ત્રોના મૂળભૂત સિધ્ધાંતોની જ વાત છે. ખીસ્સા પોથીની વાત નથી કરતો. ભવિષ્યમાં ૫૦ વર્ષ પછી મંદિરમાં સગવડ નહી હોય, બાથરૂમ ગંદા હશે કે પાણીની વ્યવસ્થા નહીં હોય તો મંદિરના પગથિયા ચઢાવવા અઘરા છે. ના ચડે એની પણ ચિંતા નથી, પરંતુ તરસ્યો હોય એને પાણી મળી જવું જોઈએ. થાક લાગ્યો હોય તો બાકડો તૈયાર રાખવો, પાણી પાવું, પ્રસાદી મીઠાઈના બે ચકતા મોહનથાળ કે મગસ આપો ને. આ માણસાઈ છે. પછી એ મંદિરમાં પગથિયા ચડીને દર્શન કરે જ એ જરૂરી નથી. એ ભગવાન ઉપર મૂકી દેવું. ગુણબુદ્ધિ આવ્યાથી જ આ સત્સંગ થવાનો છે. એટલું સમજી લેજો.

ભગવાન જેવા ભગવાન મળ્યા પછી દુઃખી ન રહેતા, કોઈ પણ સમસ્યામાં સમાધાન શોધો તો નિરાકરણ આવશે. ફરિયાદી તો બધા બની શકે પરંતુ **ઘરધણી તો ઉકા ખાચર જેવા જ બની શકે.** બીજા બધા બોલ્યા, ઉકા ખાચર બોલ્યા નહી પરંતુ જે કરવાનું હતું તે કરીને નીકળી ગયા ત્યારે મહારાજે તેને ઘરધણીનું બિરુદ આપ્યું.

**નવા મંદિરો** થતા હોય કે રિનોવેશન થતું હોય ત્યારે પ્લીન્થ લેવલ પછી ૪ - ૫ પગથિયાથી મંદિર ઉંચું ન કરતા. કારણ કે બે માળના મંદિરોના પગથિયા વડીલો ચડી શકતા નથી એ મેં નજરે જોયેલું છે. પહેલાના સમયમાં ખેતર ખેડી ખેડીને કસરત થઈ જતી હતી એટલે એ સમયના વડીલો ધબધબ કરતા પગથિયા ચડી જતા હતા. હાલના માણસો ટેબલ-ખુરશીથી ટેવાયેલાં છે એટલે મૂડ આવે ત્યારે ઢીંચણ પણ બદલી આવે છે. તો આ સમયની આવશ્યકતા છે. બીજાના મંદિરો કરતા આપણા મંદિરોના શિખરો ઉંચા દેખાય એ જરૂરી નથી. પરંતુ

**આપણી નિયત, માણસાઈ અને સિધ્ધાંતો ભગવાનને રાજી કરી શકે તેવા હોય એ જરૂરી છે.** મારે સમસ્યા નથી પરંતુ વડીલો, નાના દીકરા-દીકરીઓ બધાનું ધ્યાન રાખીને કાર્ય કરીએ.

અમુક વાત મારે ખુલ્લી ન કરવી જોઈએ. પરંતુ તે વાત કર્યા વિના ચાલે તેમ પણ નથી. અમુક હરિભક્તોની લાગણી તથા ભાવનાનો દુરુપયોગ કરીને અમુક જગ્યાના અમુક સંતો કહેતા હોય કે કાલુપુર મંદિરેથી અમને સીધું, દવા કે ફલાણો ખર્ચો આપતા નથી અને તમે ભાવુક થઈને એ વાત માનીને વહેવાર કરી આવો તો એ ખોટું છે. કોઈ પણ મંદિરના ૨-૪ આગેવાનો જ્યારે પણ સમય મળે ત્યારે ભેગા થઈને કાલુપુર મંદિરે આવીને સંતો માટે અનાજ સીધું કે હોસ્પિટલ માટેના પેમેન્ટ કર્યાના કેટલા લાખ કે કરોડના બીલ છે તે સીધા મારી પાસે આવીને માગી શકે છે. દરેક વસ્તુની નોંધ, એકાઉન્ટ અને માહિતી આંકડા સાથે મળશે. હરિભક્તોને પણ જરૂર હોય તો મદદ કરીએ છીએ. આખા વર્ષનું ઓડિટ જોવા મળશે. **કાલુપુર મંદિરનો વહીવટ પારદર્શક છે. આ સંતો તમારા છે. તેના કરતા પણ વધારે અમારા છે.** સંતો માટે પેમેન્ટ કરવામાં ક્યાંય અમે ડબલ તપાસ પણ કરતા નથી. ઢીંચણ બદલ્યું કે નહીં તેની ખાતરી અમે કરતા નથી. તેમ છતા તમારે સેવા કરવી હોય તો પ્રથમ મંદિરે આવીને ચોખવટ કરીને પહોંચ ફડાવશો તો એ પૈસા અમો ડૉક્ટરને આપીને તેની પહોંચ લઈને તમને ડબલ પહોંચ આપીશું. પરંતુ કોઈના કહેવાથી ખોટી રીતે ભરમાશો નહી. સંતોને ધોતિયાના આપો તેનો કોઈ પ્રોબ્લેમ નથી. પરંતુ **અન્ય વહીવટમાં પહોંચ વિનાની દુનિયામાં હું માનતો નથી. પહોંચ પણ દેવની - નરનારાયણદેવની પહોંચ જોઈએ. ટ્રસ્ટની નહીં.** ભગવાનના નામે આપણી લાગણીનો કોઈ દુરુપયોગ ન કરે તે માટેની આ વાત છે. બહુ પૈસા હોય તો ઘરમાં સંતાનો માટે કે ઘરવાળાને સાડી લાવી આપવા માટે વાપરજો.

**મોટપ એને મળે છે કે જે થોડું જતું કરતા શીખે છે.** બહુ કડક રહેવામાં મઝા નથી. મોટું વાવાઝોડું આવે ત્યારે મોટા વડ જેવા ઝાડ હોય તે પણ ડબ કરતા નીચે પડે છે. કારણ કે સમય પ્રમાણે વળતા ન આવડ્યું. જ્યારે એ જ વાવાઝોડામાં નાનકડા પોધા (છોડા) હોય કે ઘાસફુસ હોય એને કંઈ થતું નથી. કારણ કે એને સમય પ્રમાણે વળતા આવડી શકે છે. માટે અરસ-પરસ હેત પ્રેમ અને લાગણીથી જોડાઈને સંપથી રહીએ. ભગવાન અને ભગવાનના ભક્તના દર્શન કરીએ અને જીવનમાં એ જ કરવાનું છે, એ જ આપણી મુડી છે. એવું મારું માનવું છે. જૂના સમયના મંદિરોમાં જે તે કારીગરોએ કન્સ્ટ્રકશન, થાંભલીઓ કે લાકડામાં ક્યાંય બાદબાદી કર્યા વિના, કોમ્પ્રોમાઈઝ કર્યા વિના પ્રેમ અને લાગણીથી હેતના ટેભેથી આ મંદિરો ઉભા કર્યા છે. તકલીફ એ છે કે આપણને આવું જુનું કંઈ ગમતું નથી. સોનાનું કરવું છે, મેલો, સોનામાં કંઈ સ્વાદ નથી. જે છે તે સાચવી રાખવાનું છે. સગવડ પૂરી ન પડે તો કહેજો.

**ભગવાન અને ભગવાનના અવતારોમાં કોઈ ભેદભાવ કરશો નહિ. ભેદભાવ થયા તો દિવાલો ઉભી થતા વાર નહીં લાગે.** ભગવાનના અવતારો ભગવાનની ઈચ્છાએ કરીને થયા છે. મારી તમારી ઈચ્છાએ કરીને નથી થયા. **જે જેના ઈષ્ટદેવ હોય તે તેના માટે સર્વોપરી છે.** સ્વામિનારાયણ ભગવાને શિક્ષાપત્રીમાં આજ્ઞા કરી છે કે રસ્તામાં ભગવાનનું મંદિર આવતું હોય કે શિવાલયાદિક મંદિર આવતું હોય તો આદર થકી નમસ્કાર કરવા. ભગવાને ક્યાંય રામનું તિલક કે શિવજીનું તિલક મૂકી દેવાની વાત કરી નથી. **વિશ્વના સ્વામિનારાયણ સંપ્રદાયના સૌ પ્રથમ મંદિર કાલુપુરમાં શ્રી નરનારાયણદેવની સાથે સાથે શિવજી, પાર્વતી, સૂર્યનારાયણ, ગણપતિ અને હનુમાનજીને પધરાવેલા છે. એટલું જ નહિ પરંતુ કોઈ મુસ્લિમ બિરાદરને નમાઝ અદા કરવાનું મન થાય તો એક પણ મૂર્તિ વિનાનો ગોખલો પણ મળી જાય !** એટલી છૂટ, સગવડ અને વિચારની વિશાળતા આપણા ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાને રાખી છે.

**મારું ૧૦૦% એવું માનવું છે કે સંપ્રદાયમાં સાધુ હોય કે સાંખ્યયોગી બહેનો હોય પણ જેઓ દેવના થઈને રહ્યા છે, કોઈ પ્રાઈવેટ સંસ્થામાં પડ્યા નથી અને આપણા મંદિરોમાં રહી વર્ષોથી દેવની, સત્સંગની, હરિભક્તોની સેવા કરતા રહ્યા છે એ જ સાચા ત્યાગી અને મોટા વૈરાગી છે. આવા સંતો અમારા હૃદયના ટૂકડા સમાન છે. આવા સંતોને સેવાનું સર્ટિફીકેટ સ્વયં મહારાજ આપશે, હું નથી આપતો.**

આ જ ન્યાયથી આપણા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી આપણા મંદિરોના જે તે ઉત્સવોમાં પછી તે નારદીપુર હોય કે નારણપુરા મંદિરનો રજત જયંતી મહોત્સવ હોય કે ઝુંડાલ ગામનો મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ હોય કે અન્ય જે તે ઉત્સવોમાં જે તે સંતોને બિરદાવી અંતરના ઉમળકાનો હાર પહેરાવીને રાજીપો ઠાલવતા હોય છે. ટૂંકાવીને લખતા યથાર્થ ન લખાયું હોય ક્ષમાયાચના સાથે સર્વે ભક્તજનોને ભાવથી વંદન સાથે જયશ્રી સ્વામિનારાયણ.

# મંગળકારી જનમંગલ સ્તોત્ર

- મહાદેવપ્રસાદ જોષી (ન્યુ રાણીપ)

વ્હાલા ભક્તો ! આપણા સંપ્રદાયમાં શતાનંદ સ્વામી વિરચિત ''જનમંગલ સ્તોત્ર'' સર્વ વિદિત છે. આ સ્તોત્ર સંસ્કૃત ભાષામાં રચાયેલ છે. જેમાં ભગવાન સ્વામિનારાયણનાં એકસો આઠ નામનો સમાવેશ કરાયેલ છે. આ સ્તોત્ર અનુષ્ટુપ છંદમાં સ્વામીએ રચેલ છે. કુલ અઠ્ઠાવીસ શ્લોકમાં સમાવિષ્ઠ આ સ્તોત્ર ખરેખર ભક્તજનો સહિત કોઈપણ ને માનસિક પરિતૃપ્તિ આપનારું છે. શતાનંદ સ્વામીએ અલ્પશિક્ષિત અને ભક્તો માટે સરળતા બક્ષનારું ગાન-વાચનમાં સુલભ એવાં ૧૦૮ નામના સમાવેશ સાથે જનમંગલ નામાવલિની રચના કરી છે.

આ નામાવલિના આપણા સંપ્રદાયના હજારો નહિ બલ્કે લાખ્ખો હરિભક્તો ભાવપૂર્વક પ્રતિદિન અનેકવાર પાઠ કરે છે. કંઈ કેટલાય ભક્તો આ નામાવલિ કંઠસ્થ પણ રાખે છે. અરે, કેટલાય ભક્તો ખિસ્સામાં રાખીને પણ તેનો પાઠ સમયાંતરે કરતા રહેતા હોય છે. શ્રીહરિનાં મંગળકારી નામનાં રટણ થકી હરિભક્તો પરમ તૃપ્તિની અનુભૂતિ કરતા હોય છે.

શ્રીજીમહારાજની નામાવલિમાં નામના ત્રણ પ્રકારો ઉલ્લેખાયેલા છે. (૧) સ્વરૂપાનુબંધી : જે ભગવાનનું સ્વરૂપ કેવું છે તે સમજાવે છે. (૨) ગુણાનુબંધી : ભગવાનમાં કેવા કેવા ગુણો છે તે સમજાવે છે. (૩) કર્માનુબંધી : ભગવાનના ચરિત્ર પ્રમાણે જે નામ પડ્યાં છે તેની સમજ આપે છે.

શ્રીહરિએ વિશેષ ભજન સ્મરણ કરવા માટે ચાતુર્માસ દરમ્યાન તો મોટા ભાગના સંત હરિભક્તો, આ જનમંગલ નામાવલિના પાઠ પ્રતિદિન કરતા હોય છે. મહિમાવંત જનમંગલના પાઠ ખરેખર પ્રત્યેક વાચકને એક પ્રકારની સુખ શાંતિ અને આનંદની તૃપ્તિ કરાવે છે.

આ સ્તોત્રના રચયિતા સ.ગુ. શતાનંદ સ્વામીનું જન્મસ્થળ મિથિલા નગરી (નેપાળ) છે. તેમનાં પિતાનું નામ વિષ્ણુદત્ત અને માતાનું નામ વીણાદેવી હતું. સ.ગુ.



શતાનંદ સ્વામીની સંપ્રદાયમાં તો અપાર સેવાઓ હતી.

તેમના દ્વારા લખાયેલ સત્શાસ્ત્રો (૧) શ્રીમદ્ સત્સંગિજીવન (૨) શ્રીમદ્ શિક્ષાપત્રી અર્થદિપીકા - શિક્ષાપત્રી ભાષ્ય (૩) શ્રીહરિવાક્ય સુધાસિંધુ (૪) જનમંગલ સ્તોત્ર (૫) સર્વ મંગલ સ્તોત્ર.

સ.ગુ. શતાનંદ સ્વામી દ્વારા લખાયેલ સંપ્રદાયમાં સાહિત્ય સેવા ખરેખર અજોડ અને ચિરંજીવ રહેશે. જનમંગલ નામાવલિના પાઠ તો અલ્પ શિક્ષિત હરિભગત પણ કરી શકે છે. તે બોલવામાં સરળ અને તુરંત સમજી શકાય તેવી છે. તેમની આપણા સંપ્રદાયમા સાહિત્ય સેવા થકી તો સર્વોપરીશ્રી સ્વામિનારાયણ ભગવાન તેમના ઉપર અત્યંત રાજી રહેતા.


આ નામાવલિમાં માળાના ૧૦૮ મણકા હોય છે તેમ ઈષ્ટદેવ સહજાનંદ સ્વામીના મંગલકારી ૧૦૮ નામ છે. જે ખરેખરા અર્થમાં સર્વજીવહિતાવહાય છે. એમ સમજી દરેક મુમુક્ષુએ યથાશક્તિ પાઠ નિયમિતપણે કરવા જ જોઈએ.

આ જનમંગલ સ્તોત્ર અથવા નામાવલિના પઠન, શ્રવણ થકી મનોકામના સંકલ્પ જરૂર સિધ્ધ થાય છે.

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ



# શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનાં દ્વારેથી....



એ ખમીરવંતા સંતની શિખા ઉભી થઈ, આંખોમાંથી અગનઝાળ વરસવા લાગી, હોઠ થિરકવા લાગ્યા, તનમાં ધ્રૂજારી મનમાં રોષ મિશ્રિત ઊંચા અવાજે દટન સો પટ્ટનનો શ્રાપ દેવા દેવાનંદ સ્વામી તૈયાર થયા અને પાસેના કમંડળમાંથી પાણીની અંજલિ હાથમાં લીધી.... સહજાનંદ મહાપ્રભુએ તુર્ત જ એમને શાંત પાડ્યા અને ધીરજ રાખવા આજ્ઞા કરી..... સૌ સભાજનો દિગ્મૂઢ થઈને એક સંતની આધ્યાત્મિક શક્તિ અને તેમના ગુરુ શ્રી સ્વામિનારાયણ ભગવાનની કરૂણાદૃષ્ટિ વિસ્ફારિત નેત્રે નિહાળી રહ્યાં.

વાત એમ હતી કે અમદાવાદમાં, તે વખતે પેશ્વાનું રાજ હતું. તેણે છળકપટથી સ્વામિનારાયણને મારવા માટે, ભદ્રના મોટા તેલના ટાંકા ઉપર ગાદી-આસન બિછાવીને ગોઠવણ કરીને સહજાનંદ સ્વામીને ત્યાં પધારવાનું આમંત્રણ આપ્યું.

શ્રીહરિ પોતાની સાથે થોડા પાર્ષદો અને સાધુઓ સાથે ત્યાં પધાર્યા પણ અંતર્યામી શ્રીહરિ પેશ્વાનો મલિન ભાવ જાણી ગયા અને તેથી પોતાની ગાદી-આસન હતું તેની ઉપર પોતાની છડી મુકીને સહેજ ભાર દઈને દબાવ્યું..... આસન નીચે ટાંકામાં પડી ગયું અને પેશ્વાનું કરતૂત ઉઘાડું પડી ગયું.

શ્રીજીમહારાજની આ છડીએ આવા અનેક લોકોના આવા કરતૂતો ઉઘાડા પાડ્યા છે, આજ છડીથી અનેક ભક્તજનોને સમાધિઓ કરાવી છે.

એવી આ મહાપ્રસાદીની છડી કે જેનાથી પેશ્વાનું કરતૂત ઉઘાડું પડ્યું અને તેનું રાજ્ય પણ ગયું એ આ ચમત્કારી પ્રસાદીની છડી આજે આપણા મ્યુઝિયમમાં સચવાઈ રહી છે. રાજસત્તાને પણ દૂર કરી દે તેવી આ ધર્મની છડીના દર્શન આપણને હળવે પૂન્યે થતાં નથી.

સૌ હરિભક્તો આ પ્રસંગને વાંચી-સમજી-વિચારીને ખૂબ મહિના પૂર્વક આ પ્રસાદીની છડીના દર્શન કરજ્યો.

સ્વામિનારાયણ મ્યુઝિયમના હોલ નં. ૪માં આ પ્રસાદીની છડી રાખવામાં આવેલ છે.

- પ્રો. હિતેન્દ્રભાઈ નારણભાઈ પટેલ

**પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વરવાળી કોલરટ્યુન (ફક્ત વોડાફોન ધારકો માટે)**

**પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વવચનવાળી કોલરટ્યુન મોબાઈલમાં ડાઉનલોડ કરવા નીચે મુજબ કરવું.**

**મોબાઈલમાં ct>સ્પેસ> 270930 ટાઈપ કરી. 56789 નંબર પર SMS કરવાથી કોલરટ્યુન શરૂ થશે.**

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ શ્રી વિષ્ણુયાગ યજ્ઞના યજમાનની યાદી માર્ચ-૨૦૧૯

| | |
|---|---|
| તા. ૦૯-૦૩-૨૦૧૯ | અમૃતભાઈ શિવાભાઈ પટેલ પરિવાર (કૌશલેન્દ્ર એન્જીનીયરીંગવાળા) - અમદાવાદ |

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ શ્રી નરનારાયણ દેવની મૂર્તિના અભિષેકની યાદી માર્ચ-૨૦૧૯

| | |
|---|---|
| તા. ૦૫-૦૩-૨૦૧૯ | પટેલ સુધીરભાઈ પરસોત્તમભાઈ (દાસભાઈ), હ. લાભુબેન તથા નેહા , તથા વેનેશા (હર્ષદકોલોની-બાપુનગર હાલ ઓસ્ટ્રેલીયા) |
| તા. ૦૯-૦૩-૨૦૧૯ | શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના આઠમા વાર્ષિક ઉત્સવ નિમિત્તે સમૂહ મહાપૂજાના મુખ્ય યજમાન પ.ભ.શ્રી કરશનભાઈ કાનજીભાઈ રાઘવાણી, અ.સૌ. જશોદાબેન કરશનભાઈ રાઘવાણી, શ્રી શ્યામભાઈ કરશનભાઈ રાઘવાણી, અ.સૌ. દિમિતાબેન શ્યામભાઈ રાઘવાણી, શ્રી ઋષિકુમાર કરશનભાઈ રાઘવાણી, અ.સૌ. રેશ્માબેન ઋષિકુમાર રાઘવાણી, કુમારી રીમાબેન કરશનભાઈ રાઘવાણી, કુમારી હર્ષિનીબેન શ્યામભાઈ રાઘવાણી. |
| તા. ૦-૦૩-૨૦૧૯ | પ.ભ. રમેશ હીરજીભાઈ ભુડીયા, રૂકમણી રમેશભાઈ ભૂડીયા - લંડન |

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ભેટ માર્ચ-૨૦૧૯

| | |
|---|---|
| રૂા. ૨૧,૦૦૦/- | રમીલાબેન ગોવિંદભાઈ પટેલ - મણીનગર. |
| રૂા. ૫,૧૨૧/- | અ.નિ. મણીલાલ લક્ષ્મીચંદ ભાલજા સાહેબ, હ. પ્રબોધભાઈ ઝાલા, ડૉ. નિકુંજ - શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના આઠમા પાટોત્સવ નિમિત્તે. |
| રૂા. ૫,૦૧૧/- | ડૉ. નિકુંજના પુત્ર અર્થના આઠમાં વર્ષમાં પ્રવેશ નિમિત્તે ભેટ, હ. ડૉ. નિકુંજ, ડૉ. ધારા. |
| રૂા. ૫,૦૦૦/- | અ.નિ. આનંદીબેન વાસુદેવભાઈ કાછીયા - બાલાસિનોર |
| રૂા. ૫,૦૦૦/- | મીનાબેન કે. જોષી - બોપલ |
| રૂા. ૫,૦૦૦/- | લાલજીભાઈ રવજીભાઈ સુતરીયા ચિ. પરિમલના લગ્ન નિમિત્તે - કર્મશક્તિ-નરોડા |

**શુભ પ્રસંગે ભેટ આપવા માટે અથવા પોતાના અંગત સંગ્રહ માટે શ્રી નરનારાયણદેવની પ્રતિમાવાળા ૫/૧૦/૨૦ ગ્રામ ચાંદીના સિક્કા મ્યુઝિયમમાં મળશે.**

**સૂચના : શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં દર પૂનમે પ.પૂ. મોટા મહારાજશ્રી સવારે ૧૧-૩૦ કલાકે આરતી ઉતારશે.**

સંપ્રદાયમાં એક માત્ર વ્યવસ્થા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મહાપૂજા / મહાભિષેક નોંધાવવા સંપર્ક કરો.

મ્યુઝિયમ મોબાઈલઃ- ૯૮૭૯૫૪૯૫૯૭, પ.ભ. પરષોત્તમભાઈ - દાસભાઈ (બાપુનગર) : ૯૯૨૫૦૪૨૬૮૬

**www.swaminarayanmuseum.org/com ● email: swaminarayanmuseum@gmail.com**

# સત્સંગ બાલવાટિકા

**સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)**

### શ્રીહરિએ સ્વયં કહેલી એક કથા

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

બાલમિત્રો ! આજે આપણે એક સરસ મજાની વાત વાંચીએ. અને હાં, એ વાત પણ કેવી ! સ્વામિનારાયણ ભગવાને સ્વયં સંભળાવેલી. અને હા, તે પણ વળી અમદાવાદમાં ! અને હા, તે પણ નરનારાયણદેવની સન્મુખ બિરાજીને ! વાત એમ છે....

પરમાત્મા સ્વામિનારાયણ ભગવાન વિક્રમ સંવત ૧૮૮૨ ના ફાગણ વદ ત્રીજના દિવસે અમદાવાદમાં શ્રી નરનારાયણદેવની સન્મુખ વેદિકા ઉપર બિરાજમાન હતા. ભગવાને ગુલાબી રંગની પાઘ પહેરી હતી. પાઘમાં ગુલાબના પુષ્પના તોરા ઝુકી રહ્યા હતા. ગુલાબના ઘણા હાર ધારણ કર્યા હતા. અનેક પ્રાંતોથી ગામેગામથી આવેલા સંતો-હરિભક્તોની સભા થઈ હતી. પછી ભગવાન સ્વયં કહેવા લાગ્યા, હે ભક્તો ! એકવાર કોઈ એક નટમંડળી નીકળી કોઈ ગામમાં રાજાને જઈને વાત કરી કે અમારે અમારી વિદ્યા બતાવવી છે. રાજાએ હા પાડી. રાત્રે પ્રોગ્રામ નક્કી થયો. આ નટે રાજાને કહ્યું કે રાજા સાહેબ ! તમે આવો તો જ. પહેલાંના રાજાઓને ગમે ત્યાં રાત્રે કે દિવસે જવાનું થાય તો બીક લાગે નહી. અત્યારે તો છાનામાના હાજરી આપી આવે. જાહેરમાં જલ્દી આવે જ નહી. રાજાએ હા પાડી.

આ નટમંડળમાં નટ અને તેનું કુટુંબ અને બીજા વાજીંત્રો વગાડનારા આટલા જણા હતા. બીજું કોઈ નહી. ગામના ચોકમાં રાત્રે માણસો ભેગા થયા. રાજા પણ ત્યાં આવ્યા. બધી તૈયારીઓ થઈ પછી નટે રાજાને જઈને નમસ્કાર કર્યા અને પ્રોગ્રામ શરૂ કર્યો.

નટ એક સુતરનો દડો લાવ્યો. પછી કહ્યું કે જુઓ બધા સાંભળો. અત્યારે આકાશમાં દેવો અને દૈત્યોનું યુધ્ધ ચાલે છે અને તેમાં દેવોની મદદમાં મારે લડવા જવાનું છે. અત્યારે તમારા દેખતાં હું સ્વર્ગમાં જઈશ.

આમ કહ્યા પછી રાજા પાસે ગયો અને વિનંતી કરી કે હું લડવા જાઉં છું. દેવોના પક્ષે લડતાં લડતાં કદાચ મારૂં મૃત્યુ થાય તો મારી આ પત્ની અને બાળકોના ભરણપોષણ માટે તમારે વ્યવસ્થા કરવાની રહેશે.

આમ કહીને તેણે સુતરનો દડો આકાશમાં ફેંક્યો. દડો આકાશમાં ગયો અને એક છેડો નટના હાથમાં રહ્યો. આ છેડાથી નટ ઉપર ચઢવા લાગ્યો, બધા જ એકીટશે જોઈ રહ્યા કે આવા ઝીણા સુતરના દોરા ઉપર આ નટ કેવી રીતે ચડી શક્યો ! નટ ઉપર ગયો પછી આયુધો અને શસ્ત્રોના અવાજ થવા લાગ્યા. હોકારા-દેકારાના પડકાર સંભળાવા લાગ્યા. બધાને લાગ્યું કે ખરેખર યુધ્ધ ચાલે છે.

ઘણીવાર પછી એક વસ્તુ બની કે નટનો એક હાથ હથિયાર સાથે કપાઈને નીચે પડ્યો. થોડીવાર પછી બીજો પડ્યો. એમ કરતાં કરતાં પગ, માથું, ધડ બધું નીચે પડ્યું. અને ખરેખર નટનું મૃત્યુ થયું. એમ જોનારાને લાગ્યું. નટના શરીરના ટૂકડા જોઈને સભામાં સન્નાટો થવાઈ ગયો.

ત્યાર પછી નટની પત્ની ઉભી થઈ. રાજાને કહેવા લાગી કે હવે મારા પતિનું મૃત્યુ થયું છે. તેથી હવે મારે જીવવું નથી. હું પણ મારા પતિના મૃતદેહ સાથે સતી થઈશ. ત્યારે રાજા બોલ્યા કે તમે એવું ન કરશો. હું તમને ભરણપોષણની બધી જ વ્યવસ્થા કરી આપું છું. મકાન પણ લઈ આપું છું તમે સુખેથી રહેજો. પણ આ નટની પત્ની માની નહી. એણે તો હઠ પકડી. પોતાના પતિના શરીરના ટૂકડા ભેગા કર્યા. લાકડાં મંગાવ્યાં. અને તેના પર નટની પત્ની બેસી ગઈ. જોતજોતામાં આગથી પત્ની બળી ગઈ। બધા હાહાકાર કરવા માંડ્યા. દુઃખ વ્યક્ત કરવા લાગ્યા. અને જ્યાં ઉભા થવાની તૈયારી કરે છે ત્યાંતો સુતરનો દડો આકાશમાં ફેંકેલો તે દેખાયો અને કોઈ વ્યક્તિ ઉપરથી નીચે આવી રહી છે તેવું લાગ્યું. વ્યક્તિ વધુ નીચે આવી ત્યારે બધાને ખ્યાલ આવી ગયો કે આ તો એ જ નટ છે. તો આ મરી ગયો એ કોણ ! તેની પત્ની પણ સતી થઈ છે, હવે શું થશે ? નટ તો જમીન પર આવી ગયો. રાજા

પાસે ગયો અને પૂછ્યું કે રાજા સાહેબ ! મારી પત્ની ક્યાં છે ? ત્યારે રાજાએ કહ્યું, તે તો તમારા મૃત્યુ પછી સતી થઈ છે. નટે કહ્યું, રાજાજી ! જુઠું ન બોલો, મારી પત્નીને તમે સંતાડી છે. રાજા કહે, મેં ક્યાંય સંતાડી નથી. આવી વાતચીત ચાલતી હતી ત્યાં તો નટે તેની પત્નીને બૂમ પાડી. બૂમ પાડતાંની સાથે જ રાજા જે પાટ ઉપર બેઠા હતા તે પાટની નીચેથી બહાર આવી. કોઈને સમજાણું નહી કે આ બધું કેવી રીતે થયું. સૌએ તાળીઓ પાડી. નટને બક્ષિસો આપી પોતપોતાના ઘર ભેગા થઈ ગયા.

મિત્રો ! વાર્તા ગમી ને ? હા, તો આ વાર્તા કહીને સ્વામિનારાયણ ભગવાન એમ સમજાવે છે કે જેમ નટ લોકોના આવા ખેલ નટવિદ્યાને જે જાણતા હોય તેને આ બધું જોઈને નવાઈ ન લાગે પરંતુ જે ન જાણતા હોય તેને આશ્ચર્ય થાય.

એમ જેને ભગવાનના સ્વરૂપની પાકી નિષ્ઠા હોય તેને ભગવાનના કોઈપણ ચરિત્ર વાંચે કે સાંભળે એમાં ક્યારે પણ શંકા ન થાય અને નિશ્ચય ડગે નહિ. માટે ભગવાનના સ્વરૂપનો દૃઢ નિશ્ચય કરીને અનેકાનેક દિવ્ય ચરિત્રોના કરનારા ઈષ્ટદેવનું એક નિષ્ઠાથી સદા ભજન કરવું.

●

### ગુરૂ બિન જ્ઞાન નહિ

- નારાયણ વી. જાની (ગાંધીનગર)

આધ્યાત્મિક અને સામાજીક ક્ષેત્રમાં જો સફળતા પ્રાપ્ત કરવી હોય તો તેના માટે કોઈ આવશ્યક પરિબળ હોય તો તે ગુરૂ છે. કોઈપણ શાસ્ત્રમાં ગુરૂનું સ્થાન ખૂબ જ ઉંચું આલેખાયેલું છે. કોઈપણ વ્યક્તિ, તે નાનો હોય કે મોટો, રાજા હોય કે રંક પણ ગુરૂની અનિવાર્યતા બધા માટે રહેલી છે. ગુરૂ તરીકે જેને જીવનમાં સ્થાન આપવાનું હોય તેની શું યોગ્યતા જરૂરી છે. તેની સમજણ આપણને આજની વાત બહુ સારી રીતે આપી શકશે.

વાત છે અમારાપુરી નગરની. બહું સુંદર તેમજ સુઆયોજીત રીતે તૈયાર કરવામાં આવેલા આ નગરમાં રાજા ખુશવંતસિંહ શાસન કરતા હતા. તેમની કચેરીમાં સારાસારા દરબારીઓ હતા. જેઓની કુશળ કામગીરીથી રાજ્યનું સંચાલન સુપેરે ચાલતું હતું. તેમાનાં કેટલાક દરબારીઓને તો રાજા સાથે સારો મિત્રભાવ હતો. તેઓ ઘણીવાર રાજાને કોઈ વિદ્વાન, મહાત્મા કે કોઈ પંડિત જે પણ યોગ્ય લાગે તેને ગુરૂપદે સ્થાન આપવાની ટકોર કરતા. રાજાના ગુરૂ તો રાજના ગુરૂ પણ કહેવાય. પહેલાના રાજાઓના રાજ્યોમાં રાજગુરૂનું સ્થાન ખૂબ જ ઊંચું ગણાતું.

મહારાજા ઘણીવાર દરબારીઓને કહેતા પણ ખરા કે તમારી વાત સાચી છે કે મારે ગુરૂ કરવા જ જોઈએ. પણ રાજ્યગુરૂના પદને શોભે તેવા જ્ઞાની, મહાન, વ્યક્તિ મળવા તો જોઈએ ને ! ત્યારે દરબારીઓ કહેતા, અરે ! આપણા દેશમાં જ્ઞાનીની કોઈ ખોટ નથી. એક કહેતા લાખ મળી આવે. પણ આ રાજાના મનમાં ગુરૂની યોગ્યતા માટે કાંઈ જુદો જ વિચાર હતો. તેમના મતે - ગુરૂ એવા વ્યક્તિ કે એની સામે કોઈપણ વ્યક્તિ વાદ-વિવાદમાં ટકી ન શકે, તેના ઉપદેશને કોઈ પડકારી ન શકે, તેની વાતમાં કોઈને પણ શંકા ન હોય, એનામાં કોઈને કાંઈ પણ વાંક પણ ન દેખાય આવા બધા લક્ષણો હોવા જોઈએ.

દરબારીઓ કહે, એમાં શું..... તમારા મત મુજબના પણ ઘણા મળી જાય. રાજાએ તો કહી દીધું. જો એવું હોય તો શોધી લાવો એવા વ્યક્તિને, હું તેમને રાજ્યગુરૂનો દરજ્જો આપીશ. આખા નગરમાં આ વાત વાયુવેગે પ્રસરી ગઈ. એક નક્કી કરેલા દિવસે ગુરૂઓના મહામોટા સંમેલનનું આયોજન ગોઠવાયું. રાજાના ગુરૂ થવું કોને ન ગમે ! જ્ઞાની, પંડિત, મહાત્મા, ફકીર સહું કોઈ આ સભામાં હાજર. પ્રથમ તો રાજાએ સહુનો સત્કાર કર્યો. પછી રાજાએ સહુ આગળ ગુરૂની યોગ્યતા માટેનો પોતાનો મત રજૂ કર્યો. આ સાંભળી આવેલા બધા વિચારવા લાગ્યા. આવું તો કેમ શક્ય બને ? એક પછી એક એ બધા વિખરાઈ ગયા.

આ વાતને ઘણા દિવસો વિત્યા. એક દિવસે કોઈ મહાત્મા ફરતા ફરતા આ નગરીમાં આવ્યા. તેમના કાને રાજાનો ગુરૂ વિશેનો મત અને સંમેલનની વાત આવી. કાંઈક મક્કમ ઈરાદે આ મહાત્મા બીજા દિવસે સવારે રાજદરબારમાં પહોંચ્યા અને ગુરૂ થવા માટેની પોતાની ઉમેદવારી નોંધાવી દીધી. સાથે રાજા પાસે એવી શરત

(અનુ. પેજ નં. ૨૪ ઉપર)

# ભક્તિસુધા

**(પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી) એકાદશી સત્સંગ સભા પ્રસંગે કાલુપુર મંદિર-હવેલી) "આપણા જીવનને સાચા જ્ઞાનથી સશક્ત કરવાનું છે"**

(સંકલન : કોટક વર્ષા નટવરલાલ ઘોડાસર)

આ ભગસાગરને પાર કરવાનું ખૂબ સરળ છે. મન દ્વારા ઈન્દ્રિયોને વશ કરવાની અને બુધ્ધિ દ્વારા મનને નિયંત્રિત કરવાનું બસ આટલું જ કરવાનું છે. કેટલુ સહેલું છે ?

મન શું કરે છે ? તો મન ભાવ બનાવવાનું કાર્ય કરે છે. રાગ - દ્વેષ, ઘૃણા, તિરસ્કાર, આસક્તિ, સંકલ્પ-વિકલ્પ આ બધું બનાવે છે. અને મન જે બનાવે છે તેના ઉપરથી બુધ્ધિ નક્કી કરે છે કે આમાથી મારે શું કરવું છે. શું સારુ છે? શું ખરાબ છે ? શું ત્યાગવા જેવુ છે. શું ગ્રહણ કરવા જેવુ છે ? કઈ વસ્તુ મને સુખ આપશે ? **એ બધું 'નિર્ણય' કરવાનું કાર્ય બુધ્ધિનું છે. જેમ જીવ અને માયાનું યુધ્ધ ચાલે છે તેમ આપણી અંદર એવી જ રીતે બુધ્ધિ અને મનનું પણ યુધ્ધ દરરોજ ચાલતું જ હોય છે. આપણી અંદર** દરરોજ સવારે આપણે જાગીએ ત્યારે એવું થાય છે કે આપણે હજી પંદર મિનિટ સૂઈ જઈએ. ઠંડીમાં વધારે એવું થાય છે. તો પણ આપણે ઉભા થઈ જઈએ છીએ. આટલું કામ બાકી છે તો વહેલા જાગવું પડશે. તો તે મન ઉપર બુધ્ધિનો 'વિજય' છે. તો તે આપણી અંદર જે યુધ્ધ ચાલે છે એની અંદર બુધ્ધિ વિજય પ્રાપ્ત કરે છે. એટલે કે **બુદ્ધિ દ્વારા મનનું 'નિયંત્રણ' થાય છે.** આપણા ઉપર જો મનનું જ ચાલે તો ૧૦ વાગ્યા સુધી સૂઈ જ રહીએ. આપણું મન ઈન્દ્રિયોને આજ્ઞા કરે છે અને ઈન્દ્રિયો એ પ્રમાણે કાર્ય કરે છે. પણ બુદ્ધિ એ પ્રમાણે કાર્ય કરતા રોકી શકે છે. દા.ત. આપણે કોઈના ત્યાં જમવા ગયા, કોઈ પ્રસંગમાં જુદી જુદી વાનગીઓ જોઈને રસાસ્વાદ જાગૃત થયો, હાથ લંબાવ્યો થાળી પીરસાઈ ગઈ. તરત જ વિચાર આવ્યો કે આ બધું નથી જમવું. આખી રાત હેરાન થવું પડશે, તો આપણે પીરસેલી થાળી પણ પાછી મૂકી દઈએ છીએ. જમવાની તૈયારી જ હતી. પણ બુદ્ધિમાં 'નિર્ણય' થયો કે આ વસ્તુ મારા માટે સારી નથી. તેવી જ રીતે ધારો કે કોઈ વ્યક્તિએ નક્કી કરી લીધું કે ગમે તે પરિસ્થિતિમાં પણ જીવનની સફળતા એ ધન પર નિર્ભર છે. તો એ વ્યક્તિની બુદ્ધિમાં નક્કી થઈ ગયુ કે ધનમાં જ સુખ છે. તો તે વ્યક્તિ પૈસાની પાછળ જ દોડે છે. એનું જીવન એવું જ થઈ જાય છે. અર્થાત્ **બુદ્ધિ દ્વારા વિચાર કરીને જે 'નિર્ણય' લઈએ છીએ તેના પર આપણું જીવન 'નિર્ભર' છે. ભગવાને આપણને જે બુદ્ધિ દ્વારા વિચારવાની શક્તિ આપી છે તેના દ્વારા મન ઉપર 'નિયંત્રણ' થઈ શકે છે.** પરંતુ આપણે નિયંત્રણ નથી કરી શકતા અને પરાજીત થઈ જઈએ છીએ. તો કેમ થઈએ છીએ ? તો સાચું જે જ્ઞાન છે તેના અભાવમાં પરાજીત થઈએ છીએ. ધારો કે કોઈ યુવાન છોકરો કોલેજમાં ભણે છે. તેને કોઈએ એવું કીધું કે વ્યસનમાં મજા આવે છે. તો એક વખત કર્યું અને બુદ્ધિમાં 'નિર્ણય' થઈ ગયો કે આ કરવામાં સુખ છે. તો એ રસ્તા પર ચડી જાય છે. **સંગનો રંગ લાગી જાય છે.** તો તેને વિપરીત બુદ્ધિ કહેવાય છે. જે આપણને સંસારમાં રખડાવે છે. વિપરીત બુદ્ધિની અંદર સાચા જ્ઞાનનો અભાવ હોય છે. **સાચા જ્ઞાનનો 'અભાવ' એટલે આપણને જે વસ્તુ ગમતી હોય તે પ્રાપ્ત કરી લઈએ ભોગવી લઈએ પછીથી જે થવું હશે તે થશે એવી માન્યતા છે. તેને સાચા જ્ઞાનનો 'અભાવ' કહેવાય છે.** જગતમાં આપણને કોઈએ આપણા વિષે કાંઈ સારુ કીધું તો આપણને તેમા સારુ (સુખ) લાગે છે અને કોઈએ કાંઈ આપણા વિષે ખરાબ કીધું તો આપણને ખરાબ લાગે (દુઃખ) છે. તો આપણે જગતના કહેવાથી સુખી કે દુઃખી થઈએ છીએ. પણ જગત 'જજ' કરવાવાળું નથી. ઉપર બેઠા છે તે પારખે છે કે આપણે શું સાચું કરીએ છીએ. જગતની વાતમાં આવી જવાનું નથી. કહેવાનો અર્થ છે કે સાચું શું છે ? તે ઓળખવાની જરૂર છે. **સત્સંગના ટોળામાં ભીડામાં રહેવાથી સાચી 'સમજ' મળે છે. બુદ્ધિ 'સમ્યક્' થાય**

**છે.** તો આપણી બુદ્ધિને 'સમ્યક' બનાવવાની છે. 'સમ્યક્' બુદ્ધિ એટલે શું ? તો સવળી બુદ્ધિ **જે બુદ્ધિ આપણને આપણું મોક્ષ પ્રાપ્તિનું 'ધ્યેય' ન ચૂકાવે એવી બુદ્ધિ.** જે બુદ્ધિ આપણને 'લોભ', 'લાલચ', 'કપટ' આ બધું શીખવાડે છે તે વિપરીત બુદ્ધિ છે. સાચું જ્ઞાન આપણને સત્સંગમાંથી પ્રાપ્ત થાય છે. શાસ્ત્રોના માધ્યમથી પણ મળે છે. **શાસ્ત્રો આપણને શ્રેયનો ઉપદેશ આપે છે. જ્યારે જગત આપણને પ્રેયનો ઉપદેશ આપે છે.** જો સાચું જ્ઞાન હોય તો નાનું બાળક પણ મન પર નિયંત્રણ કરી શકે છે. ધારો કે આપણે નાના હોઈએ છીએ તો સ્કૂલે જવાનું પણ ઘણીવાર મન થતું નથી. પરંતુ જ્યારે પરીક્ષા હોય છે ત્યારે મનમાં કોઈ પણ પ્રકારના વિચાર આવતા નથી. 'ચિત્ત' ક્યાંય ભટકતું નથી. જે પેપર સામે હોય છે એના સિવાય કાંઈ જ દેખાતુ નથી. જેટલી શક્તિ હોય છે તે એકાગ્ર કરીને એક ચિત્ત થઈને ત્રણ કલાક સુધી પરીક્ષા આપીએ છીએ. થોડીવાર માટે પણ 'ચિત્ત' બહાર જતું નથી. કેમ કે ? આપણી બુદ્ધિમાં 'નિશ્ચય' થઈ ગયો છે કે આ પરીક્ષા મારા માટે બહુ મહત્વની છે. મારે પાસ થવું જ છે. જો હું પાસ નહિ થાઉ તો મારું વર્ષ બગડશે. તેવી રીતે મનની અંદર બીક રાખીશું કે **આ મારા જીવનની પરીક્ષા છે. તેમાં મારે પાસ થવું જ છે. જો નહિ થવાય તો ચોર્યાસી લાખ યોનિમાં ભટકવું પડશે. પાછું મારે આ જગતમાં આવવું પડશે એવી બીક રહેશે તો મન આપોઆપ નિયંત્રણમાં આવી જશે.**

જ્ઞાન પણ બે પ્રકારના છે. 'સત્ય' અને 'અસત્ય' ઘણા લોકોને ભગવાન સંબંધી વિચાર આવે છે. તો ભગવાનના વિરુધ્ધમાં પણ વિચાર આવે છે. જે લોકો નિરાકારાવાદી હોય તેને ભગવાનનું શું માહાત્મ્ય હોય, એની સમજણ ગોબરી છે. તો એ તરફ જ ચાલે છે. પણ સાચું એજ છે કે ભગવાન 'સાકાર' છે. તો સાચું જ્ઞાન પોતાની વિવેક બુદ્ધિથી સશક્ત કરવાનું. શાસ્ત્રના 'વચન' પ્રમાણે રહેવાનું. ભગવાનની આજ્ઞામાં રહેવાનું.

જીવનમાં સત્સંગના માધ્યમથી અને પોતાની વિવેકબુદ્ધિથી સાચું જ્ઞાન પ્રાપ્ત કરેલું હશે તો કોઈપણ ખોટું કાર્ય આપણાથી જાણતા તો નહિ જ થાય. પરંતુ અજાણતા થઈ જશે તો પણ તેનું કર્મ હળવા પ્રકારનું બંધાય છે. ટૂંકમાં સારા વિચારો કરવાના, તો બધું સારુ થશે.

●

## માનભાઈની મોકાણ

- સાંખ્યયોગી કોકિલાબા (સુરેન્દ્રનગર)

કામ, ક્રોધ, લોભ, મોહ, માન, મદ એ ષટરિપુ મુમુક્ષુ જીવાત્માના મોટા અંતઃશત્રુઓ છે. અને અંતઃશત્રુઓને જીતવા બહુ કઠણ છે. જેણે અંતઃશત્રુઓને જીત્યા તેને સર્વે જગત જીતી લીધું છે. ઈશ્વર કૃપા થાય તો જ અંતઃશત્રુઓ જીતાય છે. અંતઃશત્રુઓ આત્માનાં કટ્ટર દુશ્મનો છે. ષટ્રિપુઓ એક કરતા એક ચડિયાતા છે. બધાજ અંતઃશત્રુઓ બળવાન છે. લોકમાં કહેવત છે કે ''છછુંદરનાં છ એ સરખા.'' કોને સારો નરસો કહેવો. તેમ બધા જ અંતઃશત્રુઓ સાધક માટે સરખાજ ધાતક છે.

ભગવાનના જે જે અવતારો થયા તેમણે બાહ્ય શત્રુઓનો નાશ કર્યો છે. ને પોતાના ભક્તોની રક્ષા કરી છે. જે અસુરો ભજન-ભક્તિમાં વિઘ્નો અંતરાયો ઉભા કરતા હતા તેઓને ઠેકાણે પાડ્યા. કંસ, કાળયવન, જરાસંઘ, અને રાવણ જેવા દુષ્ટોનો સંહાર કર્યો. આમ બાહ્ય શત્રુઓનો સંહાર કરી યજ્ઞો નિર્વિઘ્ને થવા લાગ્યા. હવે ભજનમાં સુખ આવશે એવું ભક્તો માનવા લાગ્યા. આમ ગમે તેવા બળવાન બાહ્ય શત્રુને ભૌતિક શસ્ત્રોથી ભોં ભેગા કરી શકાય છે. પણ અંતઃશત્રુઓ માટે હાઈડ્રોજન બોંબ પણ નકામા બની જાય છે. તેનો સંહાર કરવા માટે તો જ્ઞાન-વૈરાગ્યરૂપી દિવ્ય શાસ્ત્રો, ભક્તિરૂપી બખ્તર અને ઉપાસનાં રૂપી ઢાલ તેમજ અંતઃશત્રુઓને મારવા ભગવાનનું શરણું જરૂર છે. શરણું સ્વીકાર્યા વિના અંતઃશત્રુઓનો સંહાર થતો નથી.

શ્રી સ્વામિનારાયણ ભગવાન ''વચનામૃત''માં કહે છે કે મારા આશ્રિતોએ અંતઃશત્રુઓ સાથે અવશ્ય વેર બાંધવું. પૂર્વે જે અવતારો થયા તેમણે બાહ્ય શત્રુઓનો સંહાર કર્યો છે. પરંતુ પોતાના ભક્તોને અંતઃશત્રુઓથી છોડાવવા જ સ્વામિનારાયણ ભગવાનનો અવતાર થયો છે. તેથી સ્વામિનારાયણ ભગવાને પોતાનાં આશ્રિતો અંતઃશત્રુઓ સામે લડતા લડતા જો ચિર નિંદ્રામાં પોઢી જશે અને અંતઃશત્રુઓ જીતવા બાકી રહી જશે તો પણ અમે તેના ઉપર રાજી થઈશું. ને જો અંતઃશત્રુઓ સામે વિજય મેળવશે તો પરમહંસ થશે. અને સદેહે જ મુક્ત થશે. માટે અંતઃશત્રુઓને જીતવા હિંમત રાખવી જોઈએ. જે કાયર છે તેના ઉપર ભગવાન ક્યારેય રાજી થતા નથી.

અંતઃશત્રુઓ બધા જ બળવાન છે. પણ તાત્વિક દૃષ્ટિએ જોતા આ સૌ માં માન વધારે શક્તિ શાળી છે. માન બધાનો સરદાર છે. શ્રીકૃષ્ણ ભગવાને ''ગીતા''માં સર્વ પાપનું મૂળ કામને કહ્યો છે. પરંતુ શ્રીજીમહારાજે વચનામૃતમાં કહ્યું છે જે, ''કામ'' કરતા પણ ''માન'' વધુ બળવાન છે. ''કામ'' બળવાન અંતઃશત્રુ છે જ. છતાં પણ ''માન'' તો ''કામ'' નો પણ ગુરૂ થાય એવો છે. કામી હશે તે તો જેમ તેમ કરીને સત્સંગમાં નભ્યો જશે. પરંતુ જે માની હશે તે માન મરડાતા વહેલો-મોડો જરૂર વિમુખ થશે. શ્વાન સુકા હાડકાં ને એકાંતે લઈ જઈ ખાય ત્યારે મોઢું છોલાય છે. અને લોહી નીકળે છે તે ચાખી શ્વાન એમ સમજે છે જે હું હાડકામાંથી રક્તપાન કરૂં છું. તે માનમાંથી પણ આવો સ્વાદ લેનારા લોકો એ નથી સમજતા કે પોતાનું કેટલું બધું અનિષ્ટ થઈ રહ્યું છે. સત્સંગમાંથી જે વિમુખ થાય છે તે મોટે ભાગે માનથી તેમજ પૂજાવાથી ભાવનાને લઈને જ થાય છે. માટે સાવચેતી રાખવી જોઈએ. માનના કારણે જે વિમુખ થયા હોય તેના હૃદયમાં માન સહકુટુંબ નિવાસ કરીને રહે છે. તેવા સત્સંગના દ્વેષી વિમુખોના મુખની કથા-વાર્તા પણ ક્યારેય ન સાંભળવી.

ભગવાનના ભક્તોમાં આત્મનિષ્ઠા, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ વગેરે હોવા છતાં પણ જો માન હોય તો દિવ્ય સત્સંગમાં તે સુખ શાંતિ લેવા દેતું નથી. માનનો નશો ચડતા સત્સંગનો કેફ તુરત જ ઉતરી જાય છે. અને ભક્તને ભગવાનથી વિખૂટો પાડી દે છે. માન બહુરૂપી જેવો છે. ક્યારે ક્યા રૂપે આવશે તે કહેવું કઠીન છે. કોઈમાં સંપત્તિથી, કોઈમાં પદવીથી તો કોઈમાં વિદ્યાથી પણ માન આવે છે. કોઈને શક્તિનું માન આવે છે.

જેમ કે શ્રીકૃષ્ણ ભગવાનના સુદર્શન ચક્રને એકવાર માન આવ્યું કે, મારામાં દશ હજાર સૂર્ય કરતાં વધારે તેજ છે. અને ઈન્દ્રનું વજ્ર અને શંકરદાદાનાં ત્રિશુળનો હું નાશ કરી શકું છું. અને ભગવાનના વાહન ગરૂડને અભિમાન આવેલું કે તેત્રીસ કરોડ દેવોને ચોસઠ કરોડ અસુરોથી ન ઉપાડી શકે એવા મોટા મંદ્રાચળ પર્વતને મેં ચાંચમાં ઉપાડી સમુદ્રમાં મૂક્યો અને ભગવાનને પણ હું પીઠ ઉપર બેસાડીને ફેરવું છું. એટલે મારા જેવો કોઈ નથી.

આ સુદર્શન અને ગુરૂડનું અભિમાન ઉતારવાનું કામ ભગવાને હનુમાનજીને સોંપ્યું. એટલે હનુમાનજી દ્વારકામાં આવ્યા. પ્રભુના દર્શન કરી બગીચામાં જઈ ફળ-ફુલ ખાવા લાગ્યા.

એટલે ગરૂડજીને ભગવાને કહ્યું, ''બગીચામાં એક વાંદરો તોફાન કરે છે. તેને અહીં પકડી લાવો અને તમારાથી ન પકડાય તો સૈન્ય લઈ જજો.'' આ સાંભળી ગરૂડજીને ગર્વ આવ્યો કે, ભગવાન મારી મશ્કરી કરી સૈન્ય લઈ જવાનું કહે છે ? બાકી મારી પાસે એક વાંદરૂં એટલે શું ? આમ વિચારી બગીચામાં આવ્યા. હનુમાનજીને જોઈ ગરૂડજીએ વિચાર કર્યો. ''આ વાંદરાને પકડી લઉં.'' ત્યાં તો હનુમાનજીએ છલાંગ મારી અને ગરૂડજીને પૂંછડે બાંધી નાચવા લાગ્યા. પછી ગરૂડજીના પગ પકડી જે ફેંક્યા તે સમુદ્રમાં જઈને પડ્યા. પછી માંડ માંડ બહાર નીકળ્યા.

પછી હનુમાનજીને કહ્યું, ''આપને પ્રભુ બોલાવે છે. માટે મારી પીઠ પર બેસીને પ્રભુ પાસે પધારો.'' ત્યારે હનુમાન કહે, ''તમે જાઓ. હું આવું છું.'' ગરૂડજી તો ફરરરરરર..... કરતાં ઉડ્યાં. જ્યાં શ્રીકૃષ્ણ ભગવાન પાસે પહોંચ્યા, ત્યાં તો હનુમાનજી અગાઉ આવીને ઉભા હતા. તેથી તેમને ઉડવાનો ગર્વ ઉતરી ગયો. કહેતા માન ઉતરી ગયું.

હનુમાનજી દ્વારકામાં પ્રવેશતા હતા ત્યાં સુદર્શન ચક્રે તેમને રોક્યા. તેથી હનુમાનજીએ તેને મુખમાં મૂકી દીધું. આ બાજુ હનુમાનજી ને ભગવાને પૂછ્યું કે, ''તમે દ્વારકામાં આવ્યા, ત્યારે કોઈએ તમોને રોક્યા નહી ? ત્યારે હનુમાનજીએ તુરંત મુખમાંથી સુદર્શન ચક્ર કાઢી બતાવ્યું. અને કહ્યું, ''આ ચક્ર રોકવા આવ્યું હતું.''

આમ સભા વચ્ચે સુદર્શન ચક્રને મુખમાંથી કાઢ્યું. તેથી તેનું અભિમાન ઉતરી ગયું. આવા મોટા મોટાને માન આવ્યું તો પતન થયું છે. માટે કોઈ પ્રકારનું માન રાખવું નહિ. બધાયની સાથે નિર્માની થઈને રહેવું. ભગવાનની પ્રસન્નતા, જેવી નિર્માની ભક્તો ઉપર થાય છે તેવી માની ભક્તો ઉપર ક્યારેય થતી નથી. માટે જો ભગવાનને રાજી કરવા હોય તો ભક્તજનો માન રૂપી મહાશત્રુનો અવશ્ય ત્યાગ કરજો.''

●

**મુક્તિ અપાવે એ જ સાચી વિદ્યા છે**

- કંચનબેન રણછોડભાઈ પટેલ (નારણપુરા)

મુક્તિ અપાવે એ જ સાચી વિદ્યા છે. નાના-મોટા ગરીબ-તવંગર, સાક્ષર-નિરક્ષર સર્વને માટે કળિયુગમાં મુક્તિ બહુ દોયલી (કઠણ) હોય છે. પણ ભગવાન સ્વામિનારાયણે મુક્તિ બહુ સોયલી (સહેલી) બતાવી છે. મુક્તાનંદ સ્વામીએ આરતીમાં ગાયું છે કે ''મુક્તાનંદ કહે મુક્તિ સુગમ કરી સિધ્ધિ, પ્રભુ જય સદ્‌ગુરુ સ્વામી.''

વડોદરાના નાથ ભક્ત શાકબકાલું વેચીને વ્યવહાર ચલાવતા હતા. પણ ભગવાનને ઓળખી લીધા હતા. મહિમા સહિત ભગવાનને અખંડ હૃદયમાં ધારીને ભજન ભક્તિમાં જ સમય વ્યતિત કરતા. તેથી શ્રીજી મહારાજે તેમને કુશાગ્ર બુધ્ધિવાળા કહ્યાં છે. જ્યારે વડોદરાના દીવાનજી ફક્ત વ્યવહારમાં જ બુધ્ધિ વાપરતા. દીવાનજીએ મૃત્યુ પછીની કાંઈ તૈયારી કરી નહોતી. આપણા શ્વાસોશ્વાસ ચલાવનારનો ઉપકાર માન્યો નહોતો. ભગવાનને ઓળખવામાં થાપ ખાઈ ગયા તેથી તેને જાડી બુદ્ધિવાળા કહ્યાં છે.

પાપ દૂર કરવાં હોય તો ગંગાજીમાં સ્નાન કરો, તાપ દૂર કરવા હોય તો ચંદ્રના કિરણમાં ઝૂમો, દીનતા દૂર કરવી હોય તો કલ્પતરૂનું સેવન કરો. પરંતુ પાપ, તાપ અને સંતાપ દૂર કરવાં હોય તો નિત્ય સત્સંગ કરો, સત્‌શાસ્ત્રોનું વાંચન, શ્રવણ કરો.

જીવનનું અંતિમ લક્ષ્ય શ્રીજીમહારાજના ચરણમાં પહોંચવાનું છે. અને મૂર્તિનું અવિરત સુખ મેળવવાનું છે. શાસ્ત્રો વાંચવાથી, શ્રવણ કરવાથી જીવાત્માને વિશેષ બળ પ્રાપ્ત થાય છે. અને સત્સંગમાં ચેતના આવે છે તેમ જ દૂષણો દૂર થાય છે.

ભગવાનની કૃપાનો કોઈ પાર નથી, સાચા મુમુક્ષુ હોય તો તે ઘડતર કરનાર ઘડવૈયાને ક્યારેય ભૂલતા નથી - તેની એક સુંદર કથા છે.

એક કઠિયારો જંગલમાં રખડતો હતો. જંગલમાં આંટા મારે ને જે મળે તે લાકડાં કાપીને ભારો બાંધે. પછી ગામમાં આવીને વેચે. તેમાંથી જે પૈસા મળે તેનાથી ગુજરાન ચલાવે. એક વખત રાજા જંગલમાં ફરવા માટે નીકળ્યા હતા. કે જોઉં મારી પ્રજા શું કરે છે ? રાજાએ કઠિયારાને જોયો. તેના પગમાં પગરખાં નથી. માથે લાકડાનો ભારો ઉપાડ્યો છે. ફાટેલ, તૂટેલ મેલાં કપડાં પહેર્યા છે. વૈશાખ મહિનાનો સખત તાપ છે. પરસેવાથી રેબજેબ થઈ ગયેલા કઠિયારાને જોઈ રાજાને દયા આવી કે આ બિચારો બહુ દુઃખી છે. રાજાએ તેને બોલાવ્યો. કઠિયારો ભયભીત થઈ ગયો કે રાજા મને દંડ કરશે તો ? બહુ ફફડી ગયો કે હવે મારું શું થશે ?

રાજાએ કહ્યું, ''ભાઈ, તું ચિંતા ન કર. તારી લાકડાની ભારી નીચે ઉતારી મારા ઘોડા ઉપર બેસી જા.'' કઠિયારાને રાજદરબારમાં લઈ આવ્યા. સેવકોને કહ્યું, ''આ માણસને પાણીથી સ્નાન કરાવીને સરસ મજાનાં કિંમતી વસ્ત્ર પહેરાવો. સુંદર મેવા મિષ્ટાનનાં ભોજન જમાડી રાજ કચેરીમાં લઈ આવો ?'' કઠિયારો વિચાર કરતો થઈ ગયો કે આ બધું શું બની રહ્યું છે ? રાજાની બાજુમાં ખુરશી હતી ત્યાં કઠિયારાને બેસાડ્યો.

રાજાએ પૂછ્યું ''તારો પરિવાર છે ? હા અન્નદાતા, બે દીકરા, એક દીકરી અને મારા પત્ની છે.'' ''તું તારે ઘેર જા અને તારા પરિવારને બોલાવી લાવ. અહીં પરિવાર સહિત તું રહેજે અને જે તારાથી થાય તે સેવા કરજે અન મોજ કરજે અને ભગવાનને યાદ કરજે.'' કઠિયારો પરિવારને રાજમહેલમાં લઈ આવ્યો. કઠિયારાને આનંદનો પાર નથી. કઠિયારો વિચાર કરે છે આહાહા, કેવો સુંદર મજાનો રાજદરબાર, ખુરશી, હિંડોળાખાટ, સાહ્યબીનો કોઈ પાર નથી. આવી જાહોજલાલી, મોટો વૈભવ મારા નસીબમાં ક્યાંથી હોય ! પણ રાજા રાજી થયા તેનું આ પરિણામ છે ?

પછી કઠિયારાએ પોતાના જુનાં કપડાં ફાટેલાં તૂટેલા અને કુહાડો ને દોરડું આ બધી વસ્તુ પેટીમાં સાચવી રાખી અને તેને દરરોજ જુએ અને મનને ઉપદેશ કરે કે હે મનવા ! તું ગરીબાઈને ભૂલતો નહીં, તારા નસીબમાં તો જંગલમાં રખડવાનું, ભારા વેચી ગુજરાન ચલાવવાનું જ હતું પણ આ તો રાજા રાજી થયા એટલે જ મોજ કરે છે. પણ હે મનવા ! જુની ગરીબીનાં દિવસો ભૂલતો નહી. એમ કહી પ્રભુને યાદ કરી અને નમસ્કાર કરે.

એક દિવસ રાજાના પ્રધાનજીએ આ દશ્ય જોયું. તેથી પ્રધાનજીએ રાજાને વાત કરી. ''આપણા રાજદરબારમાં જે માણસ આવ્યો છે તે અડધો કલાક પૂજા કરે છે. તમે જોઈ છે ?'' રાજાને નવાઈ લાગી. કઠિયારો વળી પ્રભુની પૂજા કરે છે. હાજી પૂજા અને સાથે પ્રાર્થના પણ કરે છે. રાજાએ કઠિયારાને કહ્યું, ''મારે તારી પૂજાનાં દર્શન કરવાં છે.'' કઠિયારાએ બે હાથ જોડી કહ્યું, ''અન્નદાતા, મારી પૂજાના દર્શન કરવા જેવા નથી.'' રાજા કહે, જે હોય તે મને જરા તારી પૂજાનાં દર્શન કરાવ. ''જ્યાં પેટી ખોલી ત્યાં જૂના, મેલાં, તૂટેલાં કપડાં, કુહાડો અને દોરડું જોયું.

રાજા બોલ્યા, ''અલ્યા, ''આવી તારી પૂજા ? કમાલ કરે છે. અડધો કલાક નકામો બગાડે છે. ભગવાનની મૂર્તિની પૂજા કરાય. કપડાંની પૂજા ન કરાય.''

કઠિયારાએ રાજાના દીલને ડોલાવે એવો સરસ જવાબ આપ્યો, ''હે અન્નદાતા ! હું મારા મનને દરરોજ સમજાવુંછું. કે તું છકી ન જજે. તારા જુના દિવસ યાદ

રાખજે કે જંગલમાં ભટકતો હતો. આ તો રાજા મહારાજાની મહેર થઈ છે. તેથી જલસા કરીએ છીએ. મારું મન આ વાતને ક્યારેય ભૂલી ન જાય. તમારો ઉપકાર ભૂલાઈ ન જાય. અડધો કલાક મારા મનને દરરોજ શીખામણ દઉં છું.

અન્નદાતા, તમારી દયાનો કોઈ પાર નથી.'' આવું બોલતા ગદ્ગદિત થઈ આંખમાં આંસુ આવી ગયાં. પગે લાગીને કહ્યું, ''તમારી કૃપા અનહદ છે. તે ઉપર વારી જાઉં છું.''

રાજા ગાદી તકીયા પરથી ઉભા થઈ ગયા. બાથમાં લઈને કઠિયારાને ભેટી રાજીપો વ્યક્ત કર્યો. હેતના આંસુ આવી ગયા. આવો વફાદાર માણસ ઉપકારને ભૂલતો નથી. કઠિયારાના માથા ઉપર હાથ મૂકીને રાજાએ કહ્યું, ''આજથી તને મારું પ્રધાનપદ આપું છું. તું આજથી મારો જમણો હાથ છે.''

વિચાર કરો ! કઠિયારો રાજાના કરેલા ઉપકારને ભૂલ્યો નહીં તો રાજાએ તેને પ્રધાનપદ આપ્યું. તેમ આપણે પણ રાજાના પણ મહારાજા, અનંત કોટી બ્રહ્માંડના ધણી સ્વામિનારાયણ ભગવાનને ભૂલશું નહી. એના ઉપકારને નજરમાં રાખીશું. એમનું શરણું સ્વીકારશું તો અક્ષરધામનું પદ ચોક્કસ આપશે અને જન્મ મરણના ફેરાથી મુક્ત કરશે.

ભગવાને આજે પણ કૃપા કરીને આપણને અમદાવાદમાં શ્રી નરનારાયણદેવનાં ખોળામાં બેસાડી દીધા છે. શ્રી નરનારાયણદેવનો ખોળો મૂકીને ક્યાંય આડા-અવળા જાવું નહી. એવી અડગ નિષ્ઠા રાખીએ.

નિયમિત ધ્યાન, પ્રાર્થના, સ્મરણ, સ્વાધ્યાય અને સત્સંગ વિના મન મેલું થઈ જાય છે. દૂધની અંદર ભળી ગયેલું પાણી દૂધને ભાવે જ વેચાય છે. તેમ સત્સંગમાં દરરોજ બેસતો સામાન્ય માણસ પણ સૌને માટે માનનીય અને આદરણીય બની જાય છે. અતિ સાચે ભાવે સત્સંગ કરે તો તેને કોઈ જાતનો દોષ હૈયામાં રહે નહી. અને દેહ છતાંજ બ્રહ્મરૂપ થઈ જાય છે અને મુક્તિ મળે છે

(અનુ. પેજ નં. ૧૯ નું ચાલુ)

રાખી કે આપની સાથે મુલાકાત એકાંતમાં થવી જોઈએ. રાજાએ તૈયારી દર્શાવી. મહાત્માએ તો રાજાને બીજા દિવસે સવારે નદી કિનારે મુલાકાત માટે બોલાવ્યા.

મહાત્માજી કહે, આપણે નદીની સામે પાર જઈએ. ત્યાં હું તમને ઉપદેશ આપું. સામે પાર જવા હોડી મંગાવો. રાજાએ તરત હુકમ કર્યો, હોડી હાજર. હોડીને જોઈને મહાત્માએ મોઢું બગાડી નાખ્યું. આ હોડી તો સાવ મેલી ઘેલી થઈ ગઈ છે. તેમાં ઘસારા પડી ગયા છે. આ ન ચાલે. સારી હોડી મંગાવો. બીજી મંગાવી. તેમાં પણ ખામી બતાવી. ત્રણ, ચાર, પાંચ.... આમ કરતા તો સાંજ પડી ગઈ છતાં એક પણ હોડી મહાત્માએ પાસ ન કરી. રાજાને ક્રોધ તો ઘણો થયો પણ સમસમી રહ્યો. છેવટે રાજાને અકળામણ થઈ ને કહેવા લાગ્યો. મહાત્મા ! એવી તે કઈ હોડી હોય કે જેમાં કાંઈ પણ દોષ ન હોય ! આપણે ક્યાં તે ખરીદવાની છે ? સામે પાર જ જવું છે ને તો પછી ગમે તે જેવી હોય તેવી હોડીમાં જઈ શકાય. આમાં આટલા બધા દોષો જોવાની શી જરૂર છે ?

મહાત્માને થયું, હવે સારો સમય છે. રાજાને બોધ આપવાનો. તેમણે તો જોરજોરથી હસવાનું ચાલું કરી દીધું. રાજાને વિસ્મય થયું. આ તે કેવા મહાત્મા છે ! આખો દિવસ હોડીઓ મંગાવી ને હવે હું પ્રશ્ન કરૂં છું તો હસે છે ! મહાત્મા! તમે શું કરો છો, મને કાંઈ ખબર પડતી નથી. મહાત્મા કહે, રાજન્ ! મારે તમને આ જ વાત સમજાવવાની હતી. માણસો દ્વારા જે કાંઈ પણ દોષો એકબીજા ઉપર જોવાય છે. ખરેખર તે જોવાની કાંઈ જરૂર જ નથી. આપણને ભવપાર ઉતરવામાં આ જ્ઞાન ઉપયોગી છે કે નહીં બસ તેટલો જ વિચાર જરૂરી છે.

મહાત્માનો આ બહુ ઉપયોગી મર્મ ઉપદેશ રાજાના હૈયા સોંસરો ઉતરી ગયો. તેણે પોતાનું મસ્તક આ મહાત્માના ચરણોમાં મુકી દીધું. બસ આજથી તમે મારા ગુરૂ તમે મારી ભૂલ સુધારી લીધી. જીવન જીવવાની જડીબુટ્ટી તમે મને આપી. હું ધન્ય થઈ ગયો.

મિત્રો ! જોયું ને.... આ મહાત્માજીએ યુક્તિ દ્વારા આપેલું જ્ઞાન રાજાના જીવનને સાર્થક બનાવી ગયું. આટલા માટે જ જીવનમાં ગુરૂની જરૂર અને મહત્વ છે. આ વાત બધાને જરૂરી છે. એટલે જ આપણા ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાને સ્વયં પણ રામાનંદ સ્વામીને પોતાના ગુરૂ સ્થાને સ્થાપ્યા અને ધર્મકુળને આપણા ગુરૂસ્થાને સ્થાપીને એ પરંપરા ચાલુ રાખી.

# પ્રશ્નપેટી

સાધુ ભક્તિનંદનદાસ ગુરુ શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી
(શ્રી સ્વા. મંદિર, જેતલપુર)

પ્ર. ૧ ''તમારા સત્સંગી હોય તેને એક વીંછીનું દુઃખ થવાનું હોય તો તે મને એક એક રૂંવાડે કોટિ કોટિ વીંછીનું દુઃખ થાઓ પણ તમારા સત્સંગીને તે થાઓ નહિ. અને તમારા સત્સંગીને પ્રારબ્ધમાં રામપતર લખ્યું હોય તે રામપતર મને આવે પણ તમારા સત્સંગી અન્ન વસ્ત્રે કરીને દુઃખી ન થાય.'' - શ્રીજીમહારાજે આ વાત ક્યા વચનામૃતમાં કરી છે ?

પ્ર. ૨ ભગવાનના ભક્તને એક સાધનમાં સર્વે સાધન આવી જાય એવું એક સાધન ક્યું છે ?

પ્ર. ૩ રાજા દુષ્યંત અને રાણી શકુંતલા થકી ભરત નામે પુત્ર થયેલા જેણે ગંગાતટ પર ગંગાસાગરથી ગંગોત્રી સુધી અને યમુનાતટે પ્રયાગથી યમનોત્રી સુધી કેટલા અશ્વમેઘ યજ્ઞો કર્યા હતા ?

પ્ર. ૪ શ્રીજીમહારાજે ગઢપુરમાં સ.ગુ. મુક્તાનંદ સ્વામીને પૂછ્યું કે, ''સ્વામી, તમારે ક્રોધ થાય છે તે ક્યા નિમિત્તે થાય છે. - કેટલું નિમિત્ત હોય ત્યારે ક્રોધ થાય છે ?'' સ્વામીએ શું ઉત્તર આપ્યો.

પ્ર. ૫ અવતીર્ય નિજાક્ષરાત્પરાદિહ મૂત્યાં બદરિવને સ્થિતઃ - સ્તોત્ર શ્લોક પૂર્ણ કરશો.

પ્ર. ૬ ''ધનાઢ્ય એવા જે ગૃહસ્થ સત્સંગી તેમણે ભગવાનના મંદિરને વિષે મોટા ઉત્સવો કરાવવા.'' - શિક્ષાપત્રીના ક્યા શ્લોકમાં કહ્યું છે ?

પ્ર. ૭ ''ક્યુ ન ભજે ભયહારી, કૃષ્ણ હરિ, ક્યું ન ભજે ભયહારી રે....'' - આ કીર્તન કોણે બનાવ્યું છે ?

## ફેબ્રુઆરી-૨૦૧૯ માસના પ્રશ્નપેટીના સાચા ઉત્તરો અને ઉત્તરો આપનારના નામ

(૧) શ્લોક ૧૯૪, ૧૯૫. (૨) ગઢડા પ્રથમનું ૭૦ મું. (૩) ''માતાજી જશોદા રે મેલો ઘર માહેર રે, કહાનજીને મહિડું વલોવા કાજ.'' (૪) ભગવાનનો યથાર્થ નિશ્ચય હોય તેને તો બીજે ક્યાંઈ પ્રતીતિ આવે જ નહીં. (૫) ૮ પુત્રો - કીર્તિમાન, સુષેણ, ભદ્રસેન, ઋજુ, સંમદર્ન, ભદ્ર, શેષાવતાર, બલરામજી, સ્વંય ભગવાન શ્રીકૃષ્ણ ૧ પુત્રી સુભદ્રાજી. (૬) સ.ગુ. બ્રહ્માનંદ સ્વામી. (૭) વિતથના મન્યુ, તેના બૃહત્ક્ષત્ર, જય, મહાવીર્ય, નર, ગર્ગ, બૃહત્ક્ષત્ર નો હસ્તી થયો જેણે હસ્તિનાપુર વસાવ્યું હતું.

૧ પટેલ રક્ષાબેન ગણપતભાઈ (મેમનગર)
૨ સાંખ્યયોગી બહેનો (મોરબી)
૩ ખંધેડીયા ભાવનાબેન કમલેશકુમાર (મોરબી)
૪ પટેલ હેતલ પ્રયાગકુમાર (ન્યુ રાણીપ)
૫ પટેલ સંગીતાબેન મનોજભાઈ (અંબાપુર)
૬ અડાલજા કંચનબેન બાબુભાઈ (રતનપર)
૭ પટેલ સંગીતા અરૂણભાઈ (અંબાપુર)
૮ પટેલ ઈલા પ્રવિણભાઈ (અંબાપુર)
૯ પટેલ શારદાબેન એચ. (વાવોલ)
૧૦ પટેલ ઉષાબેન એમ. (વાવોલ)
૧૧ પટેલ શારદાબેન હિરાભાઈ (સાબરમતી)
૧૨ સોની હરિભાઈ ગીરધરલાલ (નારણઘાટ)
૧૩ પટેલ ચંદ્રપ્રકાશ ચુનીલાલ (રાણીપ)
૧૪ પટેલ અલકાબેન દિનેશચંદ્ર (લુણાવાડા)
૧૫ મહેશ ભગત (જીવરાજપાર્ક)
૧૬ ઠક્કર રીટાબેન જયેશકુમાર (વસ્ત્રાપુર)
૧૭ ઠક્કર હસુબેન કનૈયાલાલ (ઈસનપુર)
૧૮ પટેલ કોકિલાબેન બાબુભાઈ (સાબરમતી)
૧૯ સાંખ્યયોગી બહેનો (વાવોલ)
૨૦ પટેલ રેખાબેન કીર્તિકુમાર (ઉંઝા)
૨૧ સોની પલ્લવી આર. (સુરેન્દ્રનગર)
૨૨ પટેલ જોઈતાભાઈ આત્મારામ (ઝુલાસણ)
૨૩ ગાંધી જ્યોત્સના એચ. (સુરેન્દ્રનગર)
૨૪ પટેલ લીલાબેન જોઈતારામ (ઝુલાસણ)
૨૫ સાં.યો. કોકિલાબા તથા ઉષાબા (સુરેન્દ્રનગર)
૨૬ પટેલ વંદનાબેન કનૈયાલાલ (રાણીપ)
૨૭ ભાવસાર મહેન્દ્રભાઈ સોમાભાઈ (માણસા)
૨૮ પટેલ ધર્મિષ્ઠાબેન રવિન્દ્રભાઈ (રાજપુરવાળા)
૨૯ ડૉ. પટેલ અરૂણભાઈ ડી. (રાણીપ)
૩૦ પટેલ વલ્લભભાઈ શીવાભાઈ (સોજા)
૩૧ પટેલ જયંતીભાઈ અંબાલાલ (માણસા)
૩૨ સોની ઈલાબેન નરેન્દ્રકુમાર (ઘાટલોડીયા)
૩૩ સોની દક્ષાબેન ઘનશ્યામભાઈ (સી.જી. રોડ)
૩૪ ડાભી મફાજી સરદારજી (ડાંગરવા)
૩૫ ડાભી પ્રભાતસિંહ કેસરજી (ડાંગરવા)
૩૬ પટેલ મીનાબેન કમલેશભાઈ (કુહા)
૩૭ સાં.યો. ભારતીબા તથા મંજુબા (કાલુપુર-હવેલી)
૩૮ સાં.યો. કંચનબા, હીરાબા, ભગવતીબા (ધ્રાંગધ્રા)
૩૯ ભાવસાર અરવિંદાબેન નરેશભાઈ (ચાંદલોડીયા)
૪૦ ભાવસાર વિણાબેન આર. (નવરંગપુરા)
૪૧ પટેલ વિનોદ પી. (વહેલાલ)
૪૨ પટેલ ગંગાબેન ભક્તિભાઈ (ઝુલાસણ)
૪૩ જોસનાબેન રાજુભાઈ પટેલ (આનંદપુરા)
૪૪ પટેલ ભક્તિભાઈ ભોળાભાઈ (ઝુલાસણ)
૪૫ પટેલ શારદાબેન વિઠ્ઠલદાસ (ડાંગરવા)
૪૬ દરજી સંગીતા કલ્પેશભાઈ (કાલુપુર)
૪૭ પટેલ વિઠ્ઠલભાઈ મગનદાસ (ડાંગરવા)

# સત્સંગ સમાચાર

**શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર પરમકૃપાળુ શ્રીનરનારાયણદેવનો ૧૯૭ મો પાટોત્સવ મહોત્સવ ધામધૂમથી ઉજવાયો**

સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાને સંપ્રદાયમાં સર્વ પ્રથમ બાથમાં લઈ સ્વસ્વરૂપ શ્રી નરનારાયણદેવને સં. ૧૮૭૮ ના ફાગણ સુદ ૩ ત્રીજના શ્રી નગર અમદાવાદમાં પ્રસ્થાપિત કરીને સંપ્રદાયમાં મોક્ષ અને કલ્યાણનું દ્વાર ખુલ્લું મૂક્યું.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની શુભ આજ્ઞાથી તેમજ પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રી એવમ્ સમગ્ર ધર્મકુળના રાજીપાથી તથા અ.નિ. સ.ગુ. ચિતારા સ્વામી બળદેવપ્રસાદદાસજીના દિવ્ય આશીર્વાદથી તથા સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (કાલુપુર મંદિર)ના સુંદર માર્ગદર્શનથી તથા તેમના જ શિષ્ય સ.ગુ. ભંડારી સ્વામી જયપ્રકાશદાસજી (જે.પી. સ્વામી)ની શુભ પ્રેરણાથી પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવનો ૧૯૭ મો પાટોત્સવ અ.નિ. પ.ભ. પૂંજાભાઈ સોમાભાઈ પટેલ (ઉમરેઠવાળા-અમદાવાદ હાલ શિકાગો) અ.નિ. રેવાબેન પૂંજાભાઈ પટેલ હ. પ.ભ. મહેન્દ્રભાઈ પૂંજાભાઈ પટેલ, અ.સૌ. સુધાબેન મહેન્દ્રભાઈ પટેલ અને કૌશલ મહેન્દ્રભાઈ પટેલ, અ.સૌ. ભાવિના કૌશલ પટેલ આદિ પરિવારના યજમાન પદે ઉજવાયો. યજમાન પરિવારે ફાગણ સુદ-૨ ના શ્રીહરિયાગ હોમાત્મક પૂજા અને ફાગણ સુદ-૩ ના શ્રી નરનારાયણદેવ આદિ દેવોનું પૂજન શાસ્ત્રોક્ત રીતે કરી મહા અલૌકિક લાભ લઈ ધન્ય બન્યા હતા.

સં. ૨૦૭૫ ફાગણ સુદ-૩ તા. ૯-૩-૨૦૧૯ શનિવારના પ્રાતઃ ૬-૩૦ થી ૭-૦૦ દરમ્યાન પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે પરમકૃપાળુ શ્રી નરનારાયણાદિદેવોનો ષોડશોપચાર મહાભિષેક વેદ વિધિસર ધામધૂમથી સંપન્ન થયો.

પ્રાસંગિક સભામાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીનું યજમાન પરિવારે પૂજન અર્ચન કરી આશીર્વાદ મેળવ્યા હતા. ત્યારબાદ પૂ. મહંત સ્વામી, આદિ સંત મંડળ, શ્રી નરનારાયણદેવ ટેમ્પલ બોર્ડના સભ્યશ્રીઓ, અગ્રગણ્ય હરિભક્તો અને યજમાન પરિવાર સૌએ ધર્મકુળની સમૂહ આરતી કરી દિવ્ય લાભ લીધો હતો.

પૂ. સંતોની પ્રેરક વાણીમાં પૂ. મહંત સ.ગુ. શા.સ્વા. હરિકૃષ્ણદાસજી, પૂ. સ.ગુ. શા.સ્વા. નિર્ગુણદાસજી

આદિ સંતોએ પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવનું મહિમા માહાત્મ્ય સુંદર રીતે કહ્યું હતું. છેલ્લે પ.પૂ. લાલજી મહારાજશ્રી અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ આપતા કહ્યું કે આગામી શ્રી નરનારાયણદેવના દ્વિશતાબ્દી મહોત્સવમાં અમદાવાદ, મૂળી અને ભૂજના ગામોગામ વિચરણ કરવાનું આયોજન કર્યુ છે. જેમાં લાલજી મહારાજશ્રી પણ અમે જે ગામોમાં જઈશું ત્યાં તેઓશ્રી પણ પધારશે. આ દ્વિશતાબ્દી મહામહોત્સવ ખૂબજ ભવ્યતાથી ઉજવવામાં આવશે. એમ કહી અલૌકિક આશીર્વાદ પાઠવ્યા હતા. સમગ્ર પ્રસંગનું સભા સંચાલન સ.ગુ. શા. સ્વામી રામકૃષ્ણદાસજીએ સુંદર રીતે સંભાળ્યું હતું. છેલ્લે ઠાકોરજીની અન્નકૂટ આરતી ધર્મકુળના વરદ્ હસ્તે સંપન્ન થઈ હતી. અમદાવાદ શહેર-પરા વિસ્તાર અને ગામોગામથી હજારો હરિભક્તોએ પાટોત્સવના અલૌકિક દર્શન કરી જીવન ધન્ય બનાવ્યું હતું. સમગ્ર પ્રસંગમાં પૂ. હરિચરણ સ્વામી (કલોલ), ભંડારી જે.પી. સ્વામી, કોઠારી જે.કે. સ્વામી, નટુ સ્વામી, ભક્તિ સ્વામી આદિ સંત-હરિભક્તોએ અને શ્રીનરનારાયણદેવ યુવક મંડળે ખૂબજ સુંદર સેવા કરી હતી. (કોઠારી શા. નારાયણમુનિદાસજી)

**કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ફૂલદોલોત્સવ ઉજવાયો**

પરબ્રહ્મ પરમાત્મા શ્રી સ્વામિનારાયણ ભગવાનની પરમ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજીની પ્રેરણાથી અ.નિ. પ.ભ. અમરતભાઈ નરસીભાઈ પટેલ ગં.સ્વ. ગૌરીબેન અમરતભાઈ પટેલ હ. સુપુત્ર શ્રી જતીન પટેલ અને શ્રી રિતેષ પટેલ (પૌત્ર સાજન-કિરાત) પરિવારના યજમાન પદે ફાગણ સુદ-૧૫ તા. ૨૦-૩-૧૯ બુધવારના રોજ શ્રી નરનારાયણદેવ જયંતી ફૂલદોલોત્સવ ખૂબજ ધામધૂમપૂર્વક ઉજવાયો.

સૌ પ્રથમ પ.પૂ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીએ શ્રી નરનારાયણદેવની આરતી ઉતારી સૌને ગુલાલ ઉડાડીને સભા મંડપમાં સુંદર બનાવેલા સમીયાણામાં કેસૂડાના સુંદર રંગોની પિચકારી વડે પ્રસાદીના ચોકમાં હજારો ભાવિક ભક્તોને સતત એક કલાક પર્યન્ત કેસૂડાના સુગંધીત રંગથી ભીંજવી દીધા હતા. આજના ટેકનિકલ યુગની

ટેકનિકથી પણ ચારે તરફ કલરના વિવિધ રંગ અને કાગળના રંગબેરંગી પત્તાઓથી સમગ્ર મંદિર દેદિપ્યમાન અદ્‌ભુત શોભતું હતું. યજમાન પરિવારના બન્ને ભાઈઓએ પણ અલૌકિક લાભ લઈ પોતાનું જીવન ધર્મકુળ અને દેવ અર્થે સમર્પિત કરીને ખૂબજ ભાગ્યશાળી બન્યા હતા. પૂ. મહંત સ્વામીના શિષ્ય મંડળ સુંદર વ્યવસ્થાનું આયોજન કર્યું હતું. મંદિરમાં ક્યાંય પગ મૂકવાની જગ્યા નહતી. આપણા શ્રી નરનારાયણદેવ દેશમાં ઉજવાતા ઉત્સવો ખરેખર અદ્વિતીય અને અલૌકિક હોય છે. ધર્મકુળમાં દેવ સાક્ષાત્ રહેલા છે તેની પ્રતિતી સૌને દર્શનમાં થતી હોય છે. આ પ્રસંગે દેશ-વિદેશથી અનેક હરિભક્તો દર્શનાર્થે પધાર્યા હતા. (કોઠારી શા. સ્વામી નારાયણમુનિદાસજી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર પાલડી (વ્યાસ) ૯ મો પાટોત્સવ-શાકોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા સ.ગુ. પૂ. મહંત શા. સ્વામી પી.પી. સ્વામી (ગાંધીનગર)ની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર પાલડી (વ્યાસ)નો નવમો પાટોત્સવ અને શાકોત્સવ તા. ૧૫-૨-૧૯ ના રોજ ધામધૂમથી ઉજવાયો. આ પ્રસંગે સ.ગુ. શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી (ગાંધીનગર) એ સૌ હરિભક્તોને કથામૃત પાન કરાવ્યું હતું. ગામના સર્વે હરિભક્તોએ પાટોત્સવમાં ઠાકોરજીના દર્શન કરી શાકોત્સવનો પ્રસાદ લઈ ધન્ય બન્યા હતા. હરિભક્તોએ નાની મોટી સેવા કરીને સુંદર લાભ લીધો હતો. (કોઠારીશ્રી પાલડી વ્યાસ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર વિજાપુર ચતુર્થ પાટોત્સવ**

